Saturday, 26 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૭૫ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ પૂનમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



સપનાને સાકાર કરવા માટે, મહેનત કરો અને સકારાત્મક રહો, આપનું જીવન ધન્ય બનાવો.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

## 'આયુષ્માન ભારત ડિજિટલ મિશન'ના પ્રભાવશાળી ક્રિયાન્વયન અંતર્ગત

# સંઘપ્રદેશના દીવ જિલ્લાને રાષ્ટ્રીય સ્તરે મોડેલ જિલ્લા શ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી.નડ્ડાએ કરેલું સન્માન

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાને સાકાર કરવાના સંકલ્પની દિશામાં સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન અને દિશા-નિર્દેશ હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય સેવાઓના ડિજિટલીકરણની દિશામાં થઈ રહેલા નિરંતર અને મહત્ત્વપૂર્ણ કામો**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવી દિલ્હી, તા.૨૫**

'આયુષ્માન ભારત ડિજિટલ મિશન' અંતર્ગત દીવ જિલ્લાને નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજીત કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી.નડ્ડા દ્વારા સન્માનિત કરાયો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાને સાકાર કરવાના સંકલ્પની દિશામાં સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન અને દિશા-નિર્દેશ હેઠળ આરોગ્ય વિભાગે આરોગ્ય સેવાઓના ડિજિટલીકરણની દિશામાં નિરંતર મહત્ત્વપૂર્ણ કાર્ય કરવામાં આવી રહ્યા છે. આ ક્રમમાં 'આયુષ્માન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ)'ના પ્રભાવશાળી ક્રિયાન્વયનના ફળસ્વરૂપ સંઘપ્રદેશના દીવ જિલ્લાને રાષ્ટ્રીય સ્તર પર મોડેલ જિલ્લાની શ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે નવી દિલ્હી ખાતે આયોજીત કાર્યક્રમમાં કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી.નડ્ડા દ્વારા સન્માનિત કરાયો હતો.

'આયુષ્માન ભારત ડિજિટલ મિશન'ના માધ્યમથી આરોગ્ય સેવાઓને વધુ સુગમ પારદર્શક એકીકૃત અને ટેક્નોલોજીના આધારિત બનાવવાની સાથે સાથે નાગરિકોના હેલ્થ રેકોર્ડના ડિજિટલ એકીકરણને વધારવામાં આવી રહ્યો છે. જેનાથી આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા અને બહેતર બનાવવા નાગરિકોને અદ્યતન ડિજિટલ આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સહાયતા મળી રહી છે.

દીવ જિલ્લાને મોડેલ જિલ્લા શ્રેણીમાં પ્રાપ્ત થયેલ રાષ્ટ્રીય સન્માન સંઘપ્રદેશ પ્રશાસન, આરોગ્ય વિભાગ તથા દાદરા નગર હવેલી અને દમણ-દીવના દરેક આરોગ્યકર્મીઓના સામૂહિક પ્રયાસો, સમર્પણ અને પ્રતિબધ્ધતાનું પરિણામ હોવાનું આરોગ્ય તંત્ર દ્વારા જણાવાયું છે.

# દમણવાડાના નંદઘરમાં 'રાષ્ટ્રીય પોષણ માહ' અંતર્ગત યોજાયો 'આંગન કા ઉત્સવ'

**દમણવાડા વિસ્તારમાંથી કુપોષિત બાળકોની જવાબદારી લેવાની જિ.પં. સભ્ય મુકેશ ગોસાવી અને સરપંચ કલ્પનાબેન હળપતિએ કરેલી જાહેરાત**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૫**

દમણવાડા ખાતે આવેલ નંદઘરમાં આજે 'રાષ્ટ્રીય પોષણ માહ' અંતર્ગત આપણી 'આંગણવાડી, આપણી જવાબદારી'ના ભાગરૂપે 'આંગન કા ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં બાળકોમાં કુપોષણ અને મહિલાઓને લોહતત્ત્વ (આયર્ન)ની ઉણપ નહિ રહે તે માટે છેડેલા જન આંદોલનના ભાગરૂપે ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ, સામાજિક સેવા સંગઠનો, આગેવાનો અને ઉદ્યોગ ગૃહો દ્વારા કુપોષિત બાળકોને દત્તક લઈ તેમને પોષિત બનાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. જે કડીમાં આજે દમણવાડા ખાતે આયોજીત કાર્યક્રમમાં ચાઈલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઓફિસર(સીડીપીઓ) શ્રીમતી નમ્રતાબેન પરમારે સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ અને પ્રશાસનના સરાહનીય પ્રયાસોની જાણકારી આપી હતી. તેમણે કુપોષણ સામે સામુહિક પ્રયાસો કરવા પણ જોર આપ્યું હતું.

કચીગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઈન્ચાર્જ ડોક્ટરશ્રીએ પણ લોહતત્ત્વના ઉણપને દૂર કરવા રાખવાની કાળજી અને ખાદ્ય ખોરાકની બાબતમાં પણ વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે દમણ જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રી ધરમભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય શ્રી મુકેશ ગોસાવી, દમણવાડાના સરપંચ શ્રીમતી કલ્પનાબેન હળપતિ સહિત આંગણવાડીની સહાયક બહેનો, સગર્ભા અને ધાત્રી બહેનો, ભૂલકાંઓની માતા વગેરેની ઉપસ્થિતિ રહી હતી.

# દમણ અને દીવ પ્રદેશ કોંગ્રેસના સેક્રેટરી સહ પ્રવક્તા તરીકે હર્ષ દુબેની કરાયેલી નિયુક્તિ

**સેક્રેટરી સહ પ્રવક્તા તરીકે જેન-ઝી અને એલ.એલ.બી.ના અંતિમ વર્ષના વિદ્યાર્થી એવા હર્ષ દુબેને જવાબદારી સોંપી કોંગ્રેસ હવે દમણ-દીવમાં પણ વિદ્યાર્થીઓ અને શિક્ષિત બેરોજગારો ઉપર પોતાનું ફોક્સ કેન્દ્રિત કરવાના આપેલા સંકેતો**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૨૫:** દમણ અને દીવ પ્રદેશ કોંગ્રેસ સમિતિના સેક્રેટરી સહ પ્રવક્તા તરીકે એલ.એલ.બી.ના અંતિમ વર્ષના વિદ્યાર્થી અને જેન-ઝી શ્રી હર્ષ દુબેની નિયુક્તિ કરી હોવાની જાણકારી શ્રી કેતનભાઈ પટેલે આપી છે. દમણ અને દીવ કોંગ્રેસે આ નિયુક્તિ કોંગ્રેસ હાઈકમાન્ડની ભલામણથી કરી હોવાનું પણ જણાવાયું છે.



અત્રે નોંધનીય છે કે, લાંબા સમય બાદ દમણ-દીવમાં કોંગ્રેસે પોતાની હાજરી નોંધાવવાની શરૂઆત કરી છે. દમણ અને દીવ કોંગ્રેસના સેક્રેટરી કમ સ્પોક પર્સન તરીકે જેન-ઝી અને વિદ્યાર્થી એવા શ્રી હર્ષ દુબેની કરેલી નિયુક્તિથી આવતા દિવસોમાં કોંગ્રેસ દમણ-દીવમાં વિદ્યાર્થીઓ અને શિક્ષિત બેરોજગારોના પ્રશ્ને પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે એવું પ્રતિત થઈ રહ્યું છે.

## પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૧૧૦મી જન્મજયંતિ નિમિત્તે

# દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૫**

મહાન રાષ્ટ્રવાદી, ઉત્કૃષ્ટ સંગઠક, કટ્ટર રાષ્ટ્રવાદી, મહાન વિચારક, અખંડ માનવતાવાદ અને અંત્યોદયના પ્રણેતા અને ભારતીય જનતા પાર્ટીના વૈચારિક માર્ગદર્શક અને સ્થાપક પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૧૧૦મી જન્મજયંતિ નિમિત્તે, આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાની અધ્યક્ષતામાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ ઉપસ્થિત પદાધિકારીઓ અને જનપ્રતિનિધિઓ સાથે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયને તેમના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ જણાવ્યું હતું કે, 'પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું સમગ્ર જીવન રાષ્ટ્ર સેવા, સરળતા, પવિત્રતા અને સિદ્ધાંતોનું પાલનનું પ્રેરણાદાયક ઉદાહરણ છે. 'અંત્યોદય' દ્વારા તેમણે સમાજના સૌથી નીચલા સ્તરના લોકોને વિકાસ, તક અને સન્માન પૂરું પાડવાનો માર્ગ બતાવ્યો હતો. 'અભિન્ન માનવતાવાદ' દ્વારા તેમણે સમાવિષ્ટ, સંતુલિત અને સમન્વિત વિકાસનું વ્યાપક વિઝન રજૂ કર્યું હતું.

શ્રી આગરિયાએ જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારો રાષ્ટ્ર નિર્માણ અને સમાજના દરેક વર્ગના ઉત્થાનને પ્રેરણા આપતા રહે છે. તેમના આદર્શોને સ્વીકારવા અને અંત્યોદય, રાષ્ટ્રીય હિત અને સમાજ સેવા માટેના સંકલ્પને વધુ મજબૂત બનાવવો એ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. આ કાર્યક્રમમાં અન્ય ઉપસ્થિતોમાં દમણ-દીવના ભૂતપૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી બી.એમ.માછી, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, દમણ જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રી ધરમભાઈ પટેલ, દમણ નગરપાલિકા અધ્યક્ષ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, પ્રદેશ અને જિલ્લા ભાજપના પદાધિકારીઓ, વિવિધ મોરચાના પદાધિકારીઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તથા કાર્યકરોનો સમાવેશ થતો હતો.

# ઉમરગામના કનાડુના ડુંગર ઉપર નિર્મિત્ત શ્રદ્ધાનું કેન્દ્ર બનેલ જોગમાડી માતાના મંદિર ઉપર ભૂ-સ્ખલનનો તોળાઈ રહેલો ખતરોઃ આજુ બાજુ આવેલ ક્વોરી ઉદ્યોગોના કારણે મંદિર સામે ઉભું થયેલું સંકટ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૨૫**

ઉમરગામ તાલુકાના કનાડુ ખાતેના ડુંગર ઉપર આવેલ અને લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર બનેલ જય જોગમાડી માતાના મંદિર ઉપર ભૂ-સ્ખલનનો ખતરો તોળાઈ રહ્યો છે.

ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકરે અંગત રસ લઈ મંદિર સુધી જવાના રસ્તાનું નિર્માણ કર્યું છે, પરંતુ આજુબાજુ આવેલ ક્વોરી ઉદ્યોગોના કારણે થતા ભૂ-સ્ખલનથી મોટા મોટા પથ્થરો રોડ ઉપર ધસી આવી રહ્યા છે, જે આવતા દિવસોમાં જાનમાલનો ખતરો પણ બની શકે એવી સંભાવના છે.

# દાનહના નરોલીની શાળામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ચિત્રકલા સ્પર્ધા યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સેલવાસ, તા.૨૫:** દાદરા નગર હવેલીના નરોલી ગામમાં ભાજપના મંડળ અધ્યક્ષ શ્રીમતી જુલીબેન સોલંકીની અધ્યક્ષતામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ઉપલક્ષમાં 'સેવા-સંકલ્પ' અભિયાન અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓએ ચિત્રો દોરી નરોલી પંચાયત, આરોગ્ય કેન્દ્ર, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ સ્વચ્છ ભારત અને વિકસિત ભારત જેવા વિકાસલક્ષી કાર્યોને પ્રસ્તુત કર્યા હતા. નરોલી મંડળના પ્રભારી ઈન્દ્રવદન પટેલે વિદ્યાર્થીઓના અદ્‌ભૂત સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભા જોઈને એમના ઉજ્જવળ ભવિષ્યની શુભકામના આપી હતી અને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા. આ અવસરે શાળાના આચાર્ય, શિક્ષક સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત

# દમણવાડામાં અસ્પી દમણિયાના ફાર્મ હાઉસમાં ભાજપ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૫**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના ઉપલક્ષમાં શરૂ કરાયેલા 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગ રૂપે, આજે દમણવાડા ગ્રામ પંચાયતમાં કાઉન્સિલર શ્રી અસ્પી દમણિયાના

- (વધુ પાના નં.૨ પર)








## સુવિચાર - સદ્‌વિચાર

મનુષ્યનું મન જ એની તાકાત છે, તેને મજબૂત બનાવો,
સફળતા આપમેળે મળશે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### બરફનાં પંખી

અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં
લૂમાં તરતો ઘોર ઉનાળો, અમે ઉઘાડે ડીલે
ઓગળતી કાયાનાં ટીપાં, કમળપાંદડી ઝીલે
ખરતાં પીંછે પડછાતી, બપ્પોર મૂકીને નીકળ્યા!
અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.
લીલાં-સૂકાં જંગલ વચ્ચે, કાબરચીતરાં રહીએ
નભમાં ઊડતાં સાંજ પડે તો, સોનલવરણાં થઈએ
રાત પડે ને ડાળ ઉપરથી કોયલ થઈ ને ટહુક્યાં
અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.

- અનિલ જોશી

## આજની જોક

સંતાસિંહ એક મકાનને હોટલ માની અંદર ઘૂસ્યા અને જોરથી બૂમ મારીને ઑર્ડર આપ્યોઃ 'એક લસ્સી લાના
ત્યાં ટેબલ પાછળ બેઠેલ માણસે કહ્યું 'સીસ*.આ લાઈબ્રેરી છે.'
સંતાએ માફી માગી અને ધીમેથી કહ્યું 'એક લસ્સી લાના..

## કબીર વાણી




**જહા દયા તહા ધર્મ હે, જહા લોભ વહા પાપ**
**જહા ક્રોધ તહા કાલ હે, જહા ક્ષમા વહા આપ**

**-અર્થાત-**

જ્યાં દયા હોય છે ત્યાં ધર્મ હોય છે જ્યા લાલચ હોય ત્યાં પાપ વાસ કરે છે જ્યાં ગુસ્સો હોય છે ત્યાં સર્વનાશ છે. જે લોકોના મનમાં માફી છે ત્યાં ઈશ્વરનો વાસ હોય છે.

## ચાણક્ય ઉવાચ



**પ્રાણાદપિ પ્રત્યયો રક્ષિતદ્રવ્ય**

**-અર્થાત-**

પ્રાણના પણ વિશ્વાસનું રક્ષણ કરવું જોઈએ. ગુજરાતીમાં કહેવત છે. વિશ્વાસે વહાણ ચાલે છે. વ્યક્તિએ પોતાનો વિશ્વાસ ગુમાવવો ન જોઈએ. વિશ્વાસ જાળવી રાખવા માટે પ્રાણની આહુતિ આપવા પડે તો તૈયાર રહેવું.

## આજનો દિન વિશેષ

### મનમોહન સિંહ

મનમોહન સિંહ (૨૬ સપ્ટેમ્બર ૧૯૩૨-૨૬ ડિસેમ્બર ૨૦૨૪) એક ભારતીય અર્થશાસ્ત્રી, અમલદાર, શિક્ષણવિદ અને રાજકારણી હતા જેમણે ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ભારતના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી. જવાહરલાલ નેહરૂ, ઈન્દિરા ગાંધી અને નરેન્દ્ર મોદી પછી તેઓ ચોથા ક્રમે રહેલા વડા પ્રધાન હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય, સિંહ ભારતના પ્રથમ અને એકમાત્ર શીખ વડા પ્રધાન હતા. તેઓ નેહરુ પછી પ્રથમ વડા પ્રધાન પણ હતા જેમને પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યા પછી ફરીથી નિયુક્ત કરવામાં આવ્યા હતા.

આજે પાકિસ્તાનમાં આવેલા ગાહમાં જન્મેલા, સિંહનો પરિવાર ૧૯૪૭ માં ભાગલા દરમિયાન ભારતમાં સ્થળાંતર થયો હતો. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં ડોક્ટરેટ મેળવ્યા પછી, સિંહે ૧૯૬૬-૧૯૬૯ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર માટે કામ કર્યું. ત્યારબાદ તેમણે તેમની અમલદારશાહી કારકિર્દી શરૂ કરી જ્યારે લલિત નારાયણ મિશ્રાએ તેમને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયમાં સલાહકાર તરીકે રાખ્યા. ૧૯૭૦ અને ૧૯૮૦ ના દાયકા દરમિયાન, સિંહે ભારત સરકારમાં અનેક મુખ્ય પદો સંભાળ્યા, જેમ કે મુખ્ય આર્થિક સલાહકાર (૧૯૭૨-૧૯૭૬), રિઝર્વ બેંકના ગવર્નર (૧૯૮૨-૧૯૮૫) અને નીતિ આયોગ (અગાઉ આયોજન પંચ) ના વડા (૧૯૮૫-૧૯૮૭)

૧૯૯૧માં, વડાપ્રધાન પી. વી. નરસિંહ રાવના નેતૃત્વ હેઠળ, સિંહને નાણામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આગામી કેટલાક વર્ષોમાં, મજબૂત વિરોધ છતાં, તેમણે ભારતના અર્થતંત્રને ઉદાર બનાવનારા અનેક માળખાકીય સુધારાઓ કર્યા. તેનાથી વૈશ્વિક સ્તરે અગ્રણી સુધારા-વિચાર ધરાવતા અર્થશાસ્ત્રી તરીકે સિંહની પ્રતિષ્ઠામાં વધારો થયો. ત્યારબાદ, ૧૯૯૮-૨૦૦૪ ની અટલ બિહારી વાજપેયી સરકાર દરમિયાન સિંહ રાજ્યસભા (ભારતીય સંસદનું ઉપલું ગૃહ) માં વિરોધ પક્ષના નેતા હતા.

૨૦૦૪ માં, જ્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળની સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) સત્તામાં આવી, ત્યારે તેના અધ્યક્ષ સોનિયા ગાંધીએ અણધારી રીતે સિંહને વડા પ્રધાનપદ છોડી દીધું. તેમના પહેલા મંત્રાલયે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન, અનન્ય ઓળખ સત્તામંડળ, ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અને માહિતી અધિકાર અધિનિયમ સહિત અનેક મુખ્ય કાયદાઓ અને પ્રોજેક્ટ્સ અમલમાં મૂક્યા.

## બાળવાર્તા

### બદલો લેવો કે ક્ષમા આપવી

એક સમયે, એક નાના ગામમાં એક બુદ્ધિશાળી વૃદ્ધ માણસ રહેતો હતો. તે પોતાની બુદ્ધિ અને કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવવાની ક્ષમતા માટે આખા દેશમાં જાણીતો હતો.એક દિવસ, એક યુવાન તે બુદ્ધિશાળી વૃદ્ધ માણસ પાસે આવ્યો અને કહ્યું, 'મારી એક સમસ્યા છે. કોઈએ મને અન્યાય કર્યો છે અને હું બદલો લેવા માંગુ છું. મારે શું કરવું જોઈએ?

જ્ઞાની વૃદ્ધ માણસે જવાબ આપ્યો, બદલો લેતા પહેલા, તમારે પોતાને પૂછવું જોઈએ કે શું તે યોગ્ય છે. બદલો લેવાથી તમને ટૂંકા ગાળામાં સારું લાગશે પણ તે તમને સાચું સુખ નહીં આપે.યુવાને એક ક્ષણ માટે આ વિશે વિચાર્યું અને પછી પૂછ્યું, પણ જો હું બદલો ન લઉં તો શું? શું લોકો એવું નહીં વિચારે કે હું નબળો છું?

જ્ઞાની વૃદ્ધ માણસે જવાબ આપ્યો, સાચી શક્તિ અંદરથી આવે છે. બદલો લેવા કરતાં માફ કરવા માટે વધુ હિંમતની જરૂર પડે છે. જો તમે તમારા હૃદયમાં એવા લોકોને માફ કરી શકો છો જેમણે તમને અન્યાય કર્યો છે, તો તમને સાચું સુખ મળશે.

યુવાને એક ક્ષણ માટે આ વિશે વિચાર્યું અને પછી તે બુદ્ધિશાળી વૃદ્ધ માણસનો તેમની સલાહ માટે આભાર માન્યો. તે પહેલા કરતાં ઘણો સારો અનુભવ કરીને ગામ છોડી ગયો.

નૈતિક ક્ષમાએ સાચી શક્તિ અને હિંમતની નિશાની છે. બદલો લેવા કરતાં ક્ષમા કરવા માટે વધુ હિંમતની જરૂર પડે છે.

# ચીખલી તાલુકામાં ગામે ગામ વાજતે ગાજતે ગણેશજીને ભાવભીની વિદાય અપાઈ

**વંકાલ વજીફા ગામેથી વાજતે ગાજતે નિકળેલ ભવ્ય વિસર્જન યાત્રામાં અબીલ ગુલાલની છોળ સાથે ગણપતિ બાપા મોરિયા આવતા વર્ષે લવકર્યા અને ડી.જે સંગીતના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતું**


તસ્વીરઃ દીપક સોલંકી ચીખલી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૫**

વંકાલ સહિત ચીખલી તાલુકામાં અનંત ચતુર્થીના દિવસે સાવરથી જ ગણપતિ બાપ્પાને શણગારેલા રથમાં બેસાડી ડી.જે.ના તાલે વાજતે ગાજતે અબીલ ગુલાલની છોળ સાથે વિવિધ મંડળોની નીકળેલ ભવ્ય વિસર્જન યાત્રામાં ગણપતિ બાપ્પા મોરિયા આવતા વર્ષે લવકર્યાના નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

ચીખલીમાં કાવેરી નદીના રિવરફ્રન્ટ સ્થિત ઓવારા પાસે ચીખલી ઉપરાંત ખૂંધ, થાલા, સાદકપોર, ગોલવાડ, સમરોલી સહિતના વિસ્તારના મંડળો દ્વારા બાપ્પાની મુર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

સાથે સાથે ચીખલી ગ્રામ પંચાયત દ્વારા સ્ટેજ તેમજ બેસવાની અને લાઈટિંગ ઉપરાંત સાંજના સમયે ભક્તો માટે નાસ્તા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગણેશ ભક્તોની સલામતી માટે જરૂરી બેરીકેટિંગ પણ કરવામાં આવ્યા હતા.

ચીખલી બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દર વર્ષની જેમ મૂર્તિના વિસર્જન માટે તરવૈયાની પણ સુવિધા પૂરી પાડવામાં આવી હતી. જ્યારે વધુ ઊંચાઈની મૂર્તિઓ માટે જુના લો-લેવલ પુલની બાજુમાં ક્રેઈનની પણ વ્યવસ્થા કરાઇ હતી. આ ઉપરાંત રિવરફ્રન્ટ ઉપર મેડિકલ ટીમ પણ તૈનાત રાખવામાં આવી હતી. સાથે સાથે ફાયર ફાઈટર, ટ્યુબ અને જેકેટની પણ વ્યવસ્થા કરાઈ હતી.

ચીખલી રીવર ફ્રન્ટ ઉપર બપોરથી જ વિસર્જન શરૂ થવા સાથે મોડીરાત સુધી વિસર્જન ચાલુ રહ્યું હતું. અને હજ્જારો લોકોની મેદની ઉમટી પડી હતી. તાલુકામાં મલિયાધરા, ઘેજ ગામે ખરેરા નદીમાં તથા ગામે ગામ સ્થાનિક નદી અને તળાવોમાં બાપ્પાની મૂર્તિઓનું વિસર્જન કરી બાપ્પાને વિદાય અપાઈ હતી.

થાલા બગલાદેવ સ્થિત મંડળ દ્વારા માટીની મૂર્તિની સ્થાપના કરેલ હોય વિસર્જન યાત્રા યોજી સ્થાપના સ્થળ પર જ વિસર્જન કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલુકામાં એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન સંપન્ન થયું હતું. ચીખલીમાં મોડી રાત સુધી વિસર્જન ચાલ્યું હતું.

### 'સેવા મેરા યોગદાન' ઝુંબેશ અંતર્ગત

# ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, ખૂંધ ખાતે સમૂહ ભોજન તથા વિવિધ સેવાકીય પવૃત્તિઓનું ભવ્ય આયોજન કરાયું

**'ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, અને સ્પેશીયલ એડોપ્શાન એજન્સી, ખૂંધ, તા.ચીખલી, જી. નવસારી ખાતે બાળકોના ચહેરા પર સ્મિત લાવવા પૌષ્ટિક ભોજન, શૈક્ષણિક કીટ વિતરણ અને સાંસ્કૃતિક રમતો યોજાઈ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૩**

રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નિયામકશ્રી સમાજ સુરક્ષા પ્રભાગના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ચાલી રહેલી 'સેવા મેરા યોગદાન' ઝુંબેશ અંતર્ગત આજરોજ ચિલ્ડ્રન હોમ બોયઝ, અને સ્પેશીયલ એડોપ્શન એજન્સી, ખૂંધ, ચીખલી ખાતે વિશેષ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્થામાં આશ્રય મેળવી રહેલા બાળકો સાથે સામાજિક આત્મીયતા કેળવી, સેવાભાવથી જોડાઈને તેમની જરૂરિયાતોમાં સહભાગી થવાનો હતો.

સંસ્થાના તમામ બાળકો સાથે સ્વાદિષ્ટ, સ્વચ્છ અને પૌષ્ટિક સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો અને સેવાભાવીઓએ બાળકો સાથે બેસીને ભોજન લીધું હતું. બાળકોના શિક્ષણ અને વ્યક્તિગત ઉપયોગ માટે સ્ટેશનરી કીટ, શૈક્ષણિક સામગ્રી, નવા વસ્ત્રો તથા હાઈજીન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે વિવિધ રમતો, સંગીત અને મનોરંજક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી, જેમાં બાળકો સાથે ઉપસ્થિત અધિકારીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સચિવશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી (DySP)-નવસારી પોલીસ વિભાગ, તાલુકા પંચાયત, નવસારી જિલ્લા પંચાયત અધ્યક્ષશ્રી કારોબારી સમિતિ, ચીખલી પ્રમુખશ્રી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી હેમલતા જી. ગંજી, સભ્યશ્રી જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ, બાળ કલ્યાણ સમિતિના સભ્ય, સરપંચ, મહામંત્રી, સભ્યશ્રી-ચીખલી તાલુકા પંચાયત, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી અને જિલ્લા વહીવટી તંત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પલસાણામાં રસીકરણ દરમિયાન ગંભીર બેદરકારી

# પલસાણામાં પ બાળકોને પેરાસિટામોલની જગ્યાએ ગ્લાઈમિપિરાઈડ અપાઈ

**પ્રાથમિક કાર્યવાહીરૂપે બેદરકારી માટે જવાબદાર મહિલા હેલ્થ વર્કરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૫**

સુરતના પલસાણામાં રસીકરણ દરમિયાન ગંભીર બેદરકારીનો મામલો સામે આવ્યો છે. અહીં પ બાળકોને પેરાસિટામોલની જગ્યાએ ભૂલથી ગ્લાઈમિપિરાઈડ દવા આપવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. ઘટના સામે આવતાં આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ હતી.ખોટી દવા આપવામાં આવ્યા બાદ તમામ પ બાળકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાળકોને સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી છે. હાલ તમામ બાળકોની સ્થિતિ સ્થિર હોવાનું જણાવવામાં આવ્યું છે.




ઘટનાની ગંભીરતા જોતા આરોગ્ય વિભાગે તાત્કાલિક તપાસ હાથ ધરી છે. પ્રાથમિક કાર્યવાહીરૂપે બેદરકારી માટે જવાબદાર મહિલા હેલ્થ વર્કરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બાળકોની તબિયત પર આરોગ્ય તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. સમગ્ર મામલે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે અને બેદરકારી માટે જવાબદાર લોકો સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવી શકે તેવા સંકેતો આપવામાં આવ્યા છે.

પેરાસિટામોલની જગ્યાએ ગ્લાઈમિપિરાઈડ જેવી અલગ દવા બાળકોને કેવી રીતે આપવામાં આવી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા ઘટનાની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે અને જવાબદારી નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**પરિયારીમાં અસ્પી દમણિયાના...**

ફાર્મહાઉસ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના પદાધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને કાર્યકરોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે, દરેક વ્યક્તિએ વાવેલા વૃક્ષોની નિયમિત સંભાળ અને રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનર્રોચ્ચાર કર્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ, કાઉન્સિલર શ્રી અસ્પીભાઈ દમણિયા, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, દમણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, કાઉન્સિલરો શ્રીમતી ફિરદોસબેન, શ્રીમતી કપિલાબેન ઓડ, શ્રીમતી નીલાબેન રાણા, શ્રીમતી રશ્મિબેન હળપતિ, શ્રીમતી તમન્નાબેન મીઠાણી, જિલ્લા પંચાયત સભ્ય શ્રી મુકેશભાઈ ગોસાવી, તેમજ અન્ય ભાજપ પદાધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦, દીવ 'આંગન કા ઉત્સવ'ની ઉજવણી કરાઈ









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૫**

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સેવા અને સમર્પણની ઉજવણી નિમિત્તે 'આંગન કા ઉત્સવ' કાર્યક્રમનું આયોજન ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે જલારામ સોસાયટી આંગણવાડી ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સગર્ભા મહિલાઓ તથા ધાત્રી માતાઓ માટે ડૉ.એ.કે. સિંઘ, મેડિકલ ઓફિસર દ્વારા પોષણ, આરોગ્ય અને માતા-બાળ સંભાળ અંગે ઓરિએન્ટેશન સેશન યોજવામાં આવ્યું હતું. સગર્ભા તથા ધાત્રી માતાઓને યોગ્ય પોષણ, આરોગ્ય સંભાળ અને બાળકના સર્વાંગી વિકાસ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આંગણવાડી કેન્દ્રો દ્વારા બાળકો તથા લાભાર્થીઓ માટે આપવામાં આવતી સેવાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા આંગણવાડી કાર્યકર્તા બહેનો તથા આશા બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.આંગણવાડી કાર્યકર્તા તથા આશા બહેનોને જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, મહારાણી લક્ષ્મીબાઈ પંચાયતના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી તથા સભ્યશ્રીઓ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને ઉપપ્રમુખશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આંગણવાડી કાર્યકર્તા બહેનો તથા આશા બહેનોના નિષ્ઠાપૂર્વકના સેવાકીય યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી તથા સમાજના બાળકો, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ સુધી પોષણ અને આરોગ્યલક્ષી સેવાઓ અસરકારક રીતે પહોંચાડવા બદલ તેમના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર્તાઓ, આશા બહેનો, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, લાભાર્થીઓ તથા સ્થાનિક પંચાયતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઠેર ઠેર વિસર્જન યાત્રા સાથે

# દીવમાં 'ગણપતિ બાપ્પા મોરીયા, અગલે બરસ તું જલ્દી આ' ના જયઘોષ સાથે ગણપતિ મહોત્સવનું સમાપન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૫**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા મીઠાબાવા વિસ્તારમાં છેલ્લા ૫૧ વર્ષથી સ્થાપિત થતા ગણપતિ બાપ્પાનું ભક્તિ અને શ્રદ્ધાભેર વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશ મહોત્સવ અંતર્ગત આ વર્ષે પણ ભક્તોએ ઉત્સાહ અને ધામધૂમપૂર્વક ગણપતિ બાપ્પાની સ્થાપના કરી હતી.

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં ગણેશ મહોત્સવનું વિશેષ મહત્વ છે. દીવ જિલ્લામાં અનેક પરિવારો દ્વારા ઘરે તેમજ વિવિધ વિસ્તારોમાં સાર્વજનિક રીતે ગણપતિ બાપ્પાની સ્થાપના કરવામાં આવે છે. ઘોઘલા મીઠાબાવા વિસ્તારમાં પણ છેલ્લા ૫૧વર્ષથી ગણપતિ બાપ્પાની સ્થાપનાની પરંપરા જળવાઈ રહી છે.

આ વર્ષે પણ ગણપતિ બાપ્પાની સ્થાપના બાદ ૧૧ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તો દ્વારા દરરોજ પૂજા-અર્ચના, આરતી, થાળ, ભજન-કીર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર વિસ્તાર ગણપતિ બાપ્પા મોરીયાના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો.

ગણેશ મહોત્સવના અંતિમ દિવસે વિધિવત રીતે ગણપતિ બાપ્પાના વિસર્જનની પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ ભવ્ય વિસર્જન યાત્રા કાઢવામાં આવી, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. ભજન-કીર્તન અને વાજતે-ગાજતે વિસર્જન યાત્રા ઘોઘલાની વિવિધ ગલીઓમાંથી પસાર થઈને ઘોઘલા જેટી ખાતે પહોંચી હતી.

ઘોઘલા જેટી ખાતે ગણપતિ બાપ્પાની અંતિમ આરતી અને પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ 'ગણપતિ બાપ્પા મોરિયા, અગલે બરસ તું જલ્દી આ'ના જયઘોષ સાથે ભક્તોએ ગણપતિ બાપ્પાની મૂર્તિનું ભાવભીના વાતાવરણમાં વિસર્જન કર્યું હતું. આ સાથે ૧૧ દિવસ સુધી ચાલેલા ગણેશ મહોત્સવનું ભક્તિભાવપૂર્વક સમાપન થયું હતું.

### ક્યારે અટકશે આવી ઘટનાઓ

# દિલ્હીમાં કોલેજની વિદ્યાર્થીની સાથે ગંદી હરકત, બે ઝડપાયા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૫**

મુખર્જી નગર વિસ્તારમાં ફરી એક વાર છોકરીઓની સુરક્ષાને લઈ ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. બુધવાર રાતે લગભગ સાડા નવ વાગ્યે હિન્દુ કોલેજની એક છાત્રા પોતાની સહેલી સાથે હકીકત પાર્ક પાસેથી જઈ રહી હતી. આ દરમિયાન એક એસયૂવી કારમાં સવાર અમુક છોકરાઓએ તેમને ઘેરી લીધી. છોકરાઓ છાત્રાઓનો પીછો કરી તેમના પર અશ્લીલ કોમેન્ટ્સ કરી ગંદી હરકતો કરી હતી. અચાનક થયેલી આ હુમલા જેવી હરકતથી છોકરીઓ ડરી ગઈ.

પીડિતાની ફરિયાદ મળતા જ દિલ્હી પોલીસ તરત એક્શનમાં આવી. પોલીસ ટીમે સૌથી પહેલા ઘટના સમયે ઉપયોગમાં લેવાયેલી એસયૂવી કારને ટ્રેસ કરી. ત્યાર બાદ તાબડતોબ રેડ પાડી બે આરોપીઓને દબોચી લીધા. તેમાંથી એક આરોપી અભિનવને લક્ષ્મી નગરમાંથી પકડી લીધો, જ્યારે બીજા આરોપી અભિમન્યુને ગુરુગ્રામથી ધરપકડ કરી. પોલીસની ટીમે સતત પેટ્રોલિંગ કરતા આ બંનેને પકડવામાં સફળતા મળી.

નોર્થ વેસ્ટ દિલ્હીની ડીસીપી આકાંક્ષા યાદવે જણાવ્યું કે, એસયૂવી ચલાવી રહેલા મુખ્ય આરોપીની ઓળખ નમન તરીકે થઈ છે. નમન દિલ્હી યુનિવર્સિટીનો જ વિદ્યાર્થી હોવાનું કહેવાય છે. ઘટના સમયે ગાડીમાં બેથી ત્રણ અન્ય યુવાનો પણ હતા. નમન હાલમાં ફરાર છે અને પોલીસ તેની ધરપકડ કરવા માટે સતત રેડ મારી રહી છે. મુખર્જી નગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા બીએનએસની કલમ ૭૮, ૭૯ અને કલમ ૩(૫) અંતર્ગત કેસ નોંધી લેવામાં આવ્યો છે.

# ગુજરાત કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ પારડી નગરના શ્રીજીના દર્શને



-તસવીર: બિપીન પરમાર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૫

૪૮ વર્ષ પુર્ણ કરનારા 'બાલાખાડી કા રાજા' મંડળમાં સિંહ ફાળો આપનારા, શિક્ષણ તથા અન્ય ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ અને બેસ્ટ રિલ્સ બનાવનારાઓને રોકડ તથા પારિતોષિક આપી નવાજવામાં આવ્યા હતા.



ગણેશ વિસર્જનની પૂર્વ રાત્રિએ પારડીના લોકલાડીલા ધારાસભ્ય અને ગુજરાત સરકારમાં નાણા અને શહેરી વિકાસ કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ પારડી શહેર તથા પારડી તાલુકાના ગણેશ પંડાલોની મુલાકાત લઈ શ્રીજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સૌપ્રથમ પારડીના સૌથી મોટા અને હજારો લોકો જેના દર્શને આવે છે એવા 'બાલાખાડી કા રાજા'ના ગણેશપંડાલમાં જઈ શ્રીજીના દર્શન કરી તેઓએ પારડી નગરના શ્રીજીના દર્શનની શરૂઆત કરી હતી. 'બાલાખાડી કા રાજા' મંડળ ખાતે તેઓના હસ્તે ૪૮ વર્ષ પૂર્ણ કરનારા બાલાખાડી રાજા મંડળમાં સિંહ ફાળો આપનારા, શિક્ષણની સાથે અન્ય ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા વિદ્યાર્થીઓ તથા હાલમાં જેની ફેશન થઈ ચૂકી છે એવી શ્રીજીના આગમનની સુંદર રિલ્સ બનાવનારા ઓને રોકડ તથા પારિતોષિક આપી નવાજવામાં આવ્યા હતા

'બાલાખાડી કા રાજા' મંડળમાં શ્રીજીના દર્શનને આવેલા મોટી સંખ્યામાં લોકોની ભીડ જોઈ તેઓએ વાપીથી તાપી સુધીની ભૂમિ પરશુરામની ભૂમિ હોય અનેક વિઘ્નો આવે છતાં પણ વર્ષોથી સનાતન ધર્મને લઈ ચાલનારા તથા પૂર્વજોના પુણ્યને લઈ આપણે તમામ વિઘ્નો પર વિજય મેળવ્યા હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત તેઓએ ૪૮ વર્ષ પૂર્ણ કરનારા આ 'બાલાખાડી કા રાજા' મંડળને ૧૪૮ વર્ષ પણ પૂર્ણ કરે એવા આશીર્વાદ આપ્યા હતા.

ખૂબ જ ધામધૂમથી ફટાકડા આતશબાજીની સાથે પારડી નગરપાલિકા બાંધકામ અધ્યક્ષ શ્રી પ્રણવભાઈ દેસાઈના હસ્તે તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પારડીના પૂર્વ ભાજપ શહેર પ્રમુખ અને વલસાડ જિલ્લા એસટી મોરચાના ઉપપ્રમુખ એવા શ્રી રાજેશભાઈ પટેલ દ્વારા કરાયું હતું.

'બાલાખાડીથી નીકળી નવયુવક મિત્ર મંડળ ચાર રસ્તા, પોલીસ લાઈન સ્વાધ્યાય મંડળ રોડ, ચીવલ રોડ , શાકભાજી માર્કેટ, સૌરભ મંડળ વાણીયાવાડ, બ્રહ્મદેવ મંડળ જૂની મામલતદાર, સુલતાન ફળિયા, પટેલ સ્ટ્રીટ ,યુવા મહોત્સવ, કહારવાડ, દમણીઝાંપામાં રનાદેવી ગ્રુપ પોણીયા તથા રેલવે ફળિયા સુધીના ગણેશ પડાલોમાં મોડી રાત સુધી પહોંચી શ્રીજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા આ ઉપરાંત તેઓ પારડી તાલુકાના સુખેશ વાઘજીભા અને પંચલાઈ જેવા ગામોના ગણેશજીના પણ દર્શન કર્યા હતા.

આ પારડી નગરના ગણેશ મંડળોની મુલાકાત દરમિયાન તેઓની સાથે વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, પારડી શહેર પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, મહામંત્રી શ્રી ઝુબીનભાઈ દેસાઈ, પારડી નગર પાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, પારડી શહેર ભાજપ યુવા પ્રમુખ શ્રી મેહુલભાઈ ભરવાડ સહિત પારડી શહેર તથા પારડી તાલુકાના સંગઠનના હોદ્દેદારો નગરપાલિકાના સદસ્યો પણ જોડાઈ શ્રીજીના આશીર્વાદ મેળવ્યા હતા.

# કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ સુખેશ વાઘછીપા તથા પંચલાઈ ગામમાં ગણેશજીની આરતીનો લાભ લીધો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૫





પારડીના ધારાસભ્ય તથા ગુજરાત સરકારમાં નાણા અને શહેરી વિકાસ ખાતાના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ પારડી તાલુકાના સુખેશ, વાઘછીપા તથા પંચલાઈ જેવા ગામોમાં ગણેશ પંડાલામાં જઈ ગણેશજીની આરતી તથા પૂજાનો લાભ લીધો હતો.

સાથે સાથે તેમની સાથે પારડી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ પટેલ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી, વલસાડ જિલ્લા કારોબારી અધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, પૂર્વ પારડી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ દેસાઈ, મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ ઉદવાડીયા, એસટી મોરચા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, તાલુકા સદસ્ય શ્રી અજયભાઈ પટેલ સહિત અનેક ભક્તજનોએ જોડાઈ આરતીનો લાભ લીધો હતો.

# વલસાડ જિલ્લામાં લોકડાયરાના સૂર સાથે ગુંજ્યો સ્વચ્છતા અને વ્યસનમુક્તિનો સંદેશ

**વલસાડ જિલ્લા માહિતી કચેરી દ્વારા ગણેશ મહોત્સવમાં જનજાગૃતિનો અનોખો પ્રયાસ**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૫

રાજ્ય સરકાર અને આમપ્રજા વચ્ચે સેતૂરૂપ ભૂમિકા ભજવતા માહિતી વિભાગ દ્વારા પરંપરાગત પ્રચાર માધ્યમોના ઉપયોગ થકી સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અને જનજાગૃતિના સંદેશાઓ લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલું વર્ષે ગણેશ મહોત્સવ દરમિયાન 'વ્યસનમુક્તિ અને સ્વચ્છતા અભિયાન'ની થીમ સાથે વલસાડ જિલ્લાના વિવિધ ગામોમાં લોકડાયરાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત વલસાડ તાલુકાના નવેરા ગામના દક્ષિણ ગુજરાત ગ્રામીણ વિકાસ એસોસીએશન તેમજ જિલ્લા માહિતી કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે નાનાપોંઢા અને બાલચોંઢી ગામે લોકડાયરાના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં લોકસંગીત અને મનોરંજનની સાથે ગ્રામજનો સુધી વ્યસનમુક્તિ અને સ્વચ્છતાનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન મંડળના પ્રમુખ પુષ્પાબેન પટેલે પ્લેકાર્ડ સાથે સરળ લોકભાષામાં ઉપસ્થિત જનસમુદાયને વિવિધ પ્રકારના વ્યસનોથી વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવાર અને સમાજ પર થતી હાનિકારક અસરો અંગે સમજ આપી હતી. તેમણે યુવાનો સહિત સૌને વ્યસનોથી દૂર રહેવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો હતો. સાથે જ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામ અને જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા, કચરો અહીં-તહીં ન ફેંકવા તેમજ સ્વચ્છતા જાળવવામાં સૌની સહભાગિતા સુનિશ્ચિત કરવા અપીલ કરવામાં આવી હતી.

લોકડાયરાના મનોરંજન સાથે આપવામાં આવેલા સામાજિક સંદેશને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક આવકાર્યો હતો. આમ, લોકકલાના માધ્યમથી 'મનોરંજન સાથે જનજાગૃતિ'નો સંદેશ આપીને સ્વચ્છતા અને વ્યસનમુક્તિ પ્રત્યે લોકજાગૃતિ કેળવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. બન્ને ગામોમાં ગ્રામ અગ્રણીઓ સહિત ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને નિહાળ્યો હતો.

# "સેવા મેરા યોગદાન"ની ભાવના સાથે વલસાડ પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા સેવા સંકલ્પ અભિયાન હાથ ધરાયું




**અભિયાન દરમિયાન ૧૪ કિમીના માર્ગની સફાઈ કરવામાં આવી, પાંચ ટન કચરાનો નિકાલ કરાયોઃ જાહેર માર્ગોની સ્વચ્છતા, સુંદરતા અને સુઘડતા જાળવવાની સાથે જનભાગીદારી દ્વારા સેવાકીય ભાવનાને પ્રોત્સાહન અપાયું**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૫

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા, જંગલ કટીંગ, માર્ગોની સફાઈ તથા વૃક્ષારોપણ સહિતની વિવિધ સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અભિયાનનો હેતુ જાહેર માર્ગોની સ્વચ્છતા, સુંદરતા અને સુઘડતા જાળવવાની સાથે જનભાગીદારી દ્વારા સેવાકીય ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે.

આ અભિયાન અંતર્ગત પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે કોલેજના વિદ્યાર્થીઓ, પદાધિકારીઓ તેમજ સ્થાનિક નાગરિકોની જનભાગીદારીથી વિવિધ સ્થળોએ કામગીરી કરવામાં આવી હતી. કુલ ૨૦ ટીમોમાં ૩૩ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

અભિયાન દરમિયાન કુલ ૧૪ કિ.મી. માર્ગની સફાઈ, ૯.૨ કિ.મી. જંગલ કટીંગ તથા ૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ૫ કચેરીઓની સફાઈ કરવામાં આવી તેમજ પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુથી ૨૪ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

વલસાડ તાલુકાના નાનકવાડા-ભાગડાવાડા રોડ સહિત વિવિધ માર્ગો તેમજ ધરમપુર, કપરાડા અને ઉમરગામ તાલુકાના પસંદગીના માર્ગો પર સફાઈ અને જંગલ કટીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન માર્ગની આસપાસની સ્વચ્છતા જાળવવા ઉપરાંત જરૂરી સ્થળોએ ગેરુ-ચૂનાની કામગીરી પણ કરવામાં આવી હતી.

અધિકારીઓ, કર્મચારીઓ, પદાધિકારીઓ, કોલેજના વિદ્યાર્થીઓ અને નાગરિકોની સહિયારી ભાગીદારીથી "સેવા મેરા યોગદાન"ની ભાવનાને સાકાર કરતાં સેવા સંકલ્પ અભિયાનને જનભાગીદારીનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા સ્વચ્છ, સુઘડ અને હરિયાળા જાહેર સ્થળો માટે આવી સેવાકીય કામગીરી સતત આગળ ધપાવવામાં આવી રહી છે.

# વલસાડ જિલ્લા માર્ગ અને મકાન (રાજ્ય) દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયું




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૫

વલસાડ જિલ્લા માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગની કચેરી હસ્તકના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત તા.૨૪/૦૯/૨૦૨૬ના રોજ વિભાગ હેઠળની સરકારી કચેરીઓ, વિશ્રામ-ગૃહ, અતિથિ-ગૃહ, જાહેર રસ્તા તેમજ બ્રિજ પર સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કાર્યપાલક ઈજનેર શ્રી જતીન પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર જીગર પટેલ સહિતના અધિકારીઓ - કર્મચારીઓ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. સફાઈ અભિયાન બાદ તમામ સ્થળો અને બ્રિજ સ્વચ્છ બનાવાયા હતા. જિલ્લામાં વિવિધ કચેરીઓ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સાથે જ કાર્યપાલક ઈજનેરે નાગરિકોને પણ ગમે ત્યાં રસ્તા પર કચરો ન ફેંકવા માટે સમજણ આપવામાં આવી હતી.

# નાનાપોંઢામાં આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો, બાળકોને ફળ અને સુખડીનું વિતરણ કરાયું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૫

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના આંગણવાડી કેન્દ્ર નાનાપોંઢા-૩ અને નાનાપોંઢા-૪ ખાતે આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો હતો.

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ અને પોષણ જાગૃતિ અને જનભાગીદારી વધે તે હેતુથી તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે આંગણ મિલન સેવા કાર્યક્રમનું આયોજન કરાયું છે. જે અંતર્ગત આઈસીડીએસ કપરાડા ઘટક-૨ના નાનાપોંઢા-૪ આંગણવાડી કેન્દ્ર ખાતે મુખ્ય મહેમાન વલસાડ જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ તેમજ યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષ દક્ષાબેન ચૌધરીની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.

આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકોને ફળ અને સુખડીનૂં વિતરણ કરવામાં આવ્યું હતું. સગર્ભા, કિશોરી અને ૬ માસથી ૩ વર્ષના બાળકની માતાને મહાનુભાવોના હસ્તે ટેક હોમ રાશન વિતરણ કરવામાં આવ્યું હતું. પોષણની સ્થિતિમાં સુધારા થયેલા બાળકોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

મહિલા અને બાળ વિકાસ સમિતિ અધ્યક્ષ દ્વારા બાળકોની સ્વછતા, બાળકોને કેન્દ્ર પર આપવામાં આવતા નાસ્તા તેમજ ટેક હોમ રાશનના યોગ્ય ઉપયોગ વિશે લાભાર્થી વાલીઓ સાથે ચર્ચા કરી હતી. આંગણવાડી કેન્દ્ર ખાતે આપવામાં આવેલી પૂર્વ પ્રાથમિક શિક્ષણ કીટનું પ્રદર્શન મુકવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકર, તેડાગર અને આશા કાર્યકર બહેનને તેઓની કામગીરી બદલ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે લાભાર્થી તેમજ વાલીઓ સાથે કિશોરી દ્વારા મુખ્યમંત્રીના શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફિસર, આઈસીડીએસ વલસાડના નેતૃત્વ હેઠળ અને બાળ વિકાસ યોજના અધિકારી કપરાડા ઘટક-૨ના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સંપન્ન થયો હતો. તાલુકા મહિલા મોરચાના મંત્રીશ્રી, એપીએમસીના ચેરમેનશ્રી, તાલુકા પંચાયતના સભ્યશ્રી, સરપંચશ્રી, વસુધારા ડેરીના ડાયરેક્ટરશ્રી તેમજ ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**
**સંજય તાડા-99244 66899 / સુરેશ ઉમતિયા-98259 89444**

# કપરાડાના ચાવશાળા ગામે માસિક સ્વચ્છતા સહિત વિવિધ મુદ્દાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૫

બેટી બચાવો, બેટી પઢાવો યોજના અંતર્ગત વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા કપરાડા તાલુકાના ચાવશાળા ગામે કિશોરીઓ માટે માસિક સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કિશોરીઓને માસિક સ્વચ્છતા, આરોગ્ય, પોષણ અને યોગ્ય કાળજી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે બાળલગ્ન અટકાવવું, કિશોરીઓમાં પોષણ, શાળા ડ્રોપઆઉટ અટકાવવું, શિક્ષણનું મહત્વ તથા બાળ અધિકારો જેવા મહત્વના વિષયો અંગે પણ સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન કિશોરીઓને માસિક સ્વચ્છતા કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કિશોરીઓમાં આરોગ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવા તેમજ શિક્ષણ સાથે જોડાયેલા રહેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્વેતા આર. દેસાઈ, DHEW કર્મચારી, PBSC કપરાડાના કર્મચારી, શાળાના શિક્ષકગણ, શાળા SMCના સભ્યો તેમજ અન્ય સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ કિશોરીઓને આરોગ્ય, શિક્ષણ, પોષણ અને સુરક્ષા સંબંધિત બાબતો અંગે જાગૃત કરી તેમને સશક્ત બનાવવાનો હતો.


વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# દેશનાં શિક્ષણ માળખાંને રોજગારલક્ષી ઓપ આપવાની ખુબ જરૂર

દેશમાં સરકારી નોકરીઓ મેળવવી એ એક મુશ્કેલ કામ હોવાની સર્વાત્રિક છાપ છે, પણ સંખ્યાબંધ બાબતોમાં આવા મુશ્કેલ કામો પાર પાડતી કેન્દ્ર સરકારે ૨૦૨૩ના અંત સુધીમાં ૧૦ લાખ સરકારી નોકરીઓ આપવાનાં વચનની સામે અત્યાર સુધી ૧૨.૭૫ લાખ યુવાનને નોકરીના નિયુક્તિપત્રો આપી દીધા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ૨૦મા રોજગાર મેળા દરમ્યાન દેશભરમાં વર્ચ્યુઅલ રીતે ૫૧ હજાર યુવાનને સરકારી અને સરકાર સંબંધિત નિગમોમાં નોકરીના નિયુત્તિપત્રો એનાયત કર્યા હતા. દેશની મસમોટી વસ્તીને જોતાં ૧૨.૭૫ લાખ સરકારી નોકરી અપાયાનું પગલું ભારે નજીવું જણાય છે, પણ આજના સમયમાં નોકરીઓ અને તેમાં પણ સરકારી નોકરીઓ મળવી મુશ્કેલ છે તેવા સમયે આ એક નાની શરૂઆત આશા જગાવી જાય છે. સ્વાભાવિક રીતે આ ક્રમ હવે અટકવો જોઈએ નહીં, પણ સૌ કોઈ સમજે છે કે દેશના તમામ યુવાનોને સરકારી નોકરી મળવી શક્ય નથી. સરકાર ઈચ્છે તો પણ આ કામ થઈ શકે તેમ નથી. આવી સ્થિતિમાં અનિવાર્ય છે કે, ખાનગી ક્ષેત્રમાં રોજગારીની વધુને વધુ તકો ઊભી થઈ શકે તે માટેની પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ. છેલ્લા લાંબા સમયથી અનુભવાતું રહ્યું છે કે, દેશનાં શિક્ષણ માળખાંને રોજગારલક્ષી ઓપ આપવાની ખુબ જરૂરત છે. હાલે ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાંથી વિદ્યાર્થીઓ એવી ડીગ્રીઓ લઈને બહાર આવે છે, જેની ઉપયોગિતા ઓછી થઈ છે કે તે અપ્રસ્તુત થઈ ગઈ છે. આવનારા સમયમાં પરંપરાગત શિક્ષણ પ્રવાહોની ડીગ્રી ધરાવનારાઓને રોજગારની તકો ઓછી મળી શકે તેમ છે. આ સંદર્ભમાં નીતિપંચનો અહેવાલ ઉલ્લેખનીય છે કે, દેશમાં આઠ કરોડથી વધુ યુવાન એવા છે, જે શિક્ષણ નથી લેતા અથવા કોઈ કામ માટેની તાલીમ લઈ રહ્યા નથી. એક તરફ આધુનિક ટેક્નોલોજીનો વ્યાપ વધી રહ્યો છે. તેમાં હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રભાવ સતત વધી રહ્યો છે, ત્યારે રોજગારીની તકો ઘટે એવી ભીતિ સર્જાઈ રહી છે. સાથોસાથ સમયની સાથે તાલ મીલાવવા નવ ટેક્નોલોજીને અનુરૂપ શિક્ષણ અને તાલીમ વ્યવસ્થા ઊભી કરવાની પણ ખાસ જરૂરત છે. વડાપ્રધાને સ્ટાર્ટઅપ અને કૌશલ વિકાસની અનિવાર્યતા પર ભાર મુક્યો છે. સરકારે હવે આ બન્ને બાબતે વધુ ધ્યાન કેન્દ્રિત કરે, તો સ્વરોજગારીની તેકો પણ એટલી જ વધી શકે તેમ છે. આજના સમયમાં સૌ કોઈ જાણે છેકે વ્યવસાયિક શિક્ષણ અને ઉદ્યોગ વેપારની જરૂરત મુજબ રોજગારી માટેની તાલિમની વ્યવસ્થાથી યુવાનોના ભવિષ્યને વધુ ઓપદાર બનાવી શકાય તેમ છે. આ સંદર્ભમાં સંખ્યાબંધ અહેવાલો અને નિર્ણયોના વ્યાપક અમલ માટે હવે તાકીદનાં પગલાં લેવા જોઈશે. આમ થશે તો જ યુવાનોની રોજગારલક્ષી અપેક્ષાઓએ સાકાર કરીને તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાશે.

# ૨૬ સપ્ટેમ્બર, 'વિશ્વ પર્યાવરણીય સ્વાસ્થ્ય દિવસ'




## રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં, ખનીજોની શોધમાં ખાણો શોધવા કેટકેટલાંય વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે

### પ્રકૃતિ, ઈશ્વરની પ્રતિકૃતિ

જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર કુદરતની કલ્પના કરવી અશક્ય છે. જંગલ છે તો વન્ય જીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જ્યાં જળ, જંગલ, જમીન અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલ અને વન્ય જીવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પરંતુ એને રંજાડવાના કાર્યો પણ એટલા જ થાય છે. એટલે પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે ૨૬ સપ્ટેમ્બરે 'વિશ્વ પર્યાવરણીય સ્વાસ્થ્ય દિવસ' મનાવવામાં આવે છે.

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુંપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વ ને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. આ તો મનુષ્ય છે જે એક એવું સાંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાનાં કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુસણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુસણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકીકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો, કચેરીઓ, ભવનો, પાર્ટી કાર્યાલયો, બનાવવામાં, ખાણો કાઢવા વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં, ખનીજોની શોધમાં ખાણો શોધવા કેટકેટલાંય વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ'નો હેતુ પ્રકૃતિનાં સંરક્ષણ માટે જરૂરી પગલાં લેવાનો છે. પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વૉર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. કુદરતનું સંવર્ધન કરવા માટે કાયમી વિવિધ ઉપાયો કરતા રહેવું જરૂરી છે.

જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ. પાણીનો બગાડ ન કરવો જોઈએ. જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીન પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણને ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ. પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ. વીજળી, પેટ્રોલ-ડીઝલ બચાવવું જોઈએ. જાહેર પ્રચાર કે નેતાઓની વાહ વાહી કરવા માટે વાહનોની રેલીઓ કાઢવાની બંધ કરવી જોઈએ. કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેક્નિક્સ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઇઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.

**-મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# શ્રાદ્ધઃ કૃતજ્ઞતા પિતૃસ્મરણ અને ઋણમુક્તિનું પાવન પર્વ

**જે ધર્મ અને સંસ્કૃતિ માટે આપણા પૂર્વજોએ પોતાનું આખું જીવન ખર્ચી નાખ્યું હોય તે જ વિચારો અને સંસ્કૃતિને ટકાવી રાખવા માટે આપણે પ્રયત્ન કરીએ, તેમની આબરૂ અને પ્રતિષ્ઠા વધે તેવું વર્તન અને આચરણ રાખીએ ત્યારે જ પિતૃઓ ખરા અર્થમાં તૃપ્ત થાય છે**



## શ્રાદ્ધનું મહત્ત્વ

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

ભારતીય સંસ્કૃતિમાં પર્વો તહેવારો અને વિધિવિધાનો માત્ર બાહ્ય આચરણ કે પરંપરાગત ક્રિયાઓ પૂરતાં મર્યાદિત નથી પરંતુ તેની પાછળ ગહન વૈજ્ઞાનિક મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક દર્શન છૂપાયેલું છે. ભાદ્રપદ માસનો કૃષ્ણપક્ષ એટલે કે 'શ્રાદ્ધ પક્ષ' આ જ પ્રકારનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઊંડા અર્થવાળું પર્વ છે. સામાન્ય રીતે લોકો શ્રાદ્ધને માત્ર મૃત્યુ પામેલા વડીલોની વર્ષી કે તેમના નામે કરવામાં આવતા પિંડદાન પૂરતું સીમિત માની લે છે, પરંતુ વાસ્તવમાં શ્રાદ્ધ એ જીવનનું આત્મપરીક્ષણ કરવા, પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને જીવનના વિવિધ ઋણમાંથી મુક્ત થવાનો અદ્ભૂત અવસર છે.

**'શ્રાદ્ધ' શબ્દનો અર્થ અને તાત્પર્ય..**

'શ્રાદ્ધ' શબ્દની વ્યાખ્યા આપતા શાસ્ત્રોમાં કહેવાયું છે 'શ્રદ્ધયા યત્ ક્રિયતે તત્ શ્રાદ્ધમ્' એટલે કે શ્રદ્ધાપૂર્વક જે કંઈ પણ ક્રિયા કરવામાં આવે તે શ્રાદ્ધ છે. શ્રદ્ધા એ માનવ જીવનની સર્વોચ્ચ શક્તિ છે. જેમના પ્રત્યે અપાર આદર અને શ્રદ્ધા હોય તેમના સ્મરણ અર્થે જે અંજલિ આપવામાં આવે છે તેને શ્રાદ્ધ કહેવામાં આવે છે.

જે પિતૃઓ અને પૂર્વજોએ આપણા કલ્યાણ માટે પોતાની ચામડી ઘસી નાખી અને લોહીનું પાણી કર્યું તે સૌનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવું એ આપણું નૈતિક કર્તવ્ય છે. પૂર્વજો જે પણ યોનિમાં હોય તેમને દુઃખ ન પડે તથા સુખ અને શાંતિ પ્રાપ્ત થાય તે માટે પિંડદાન અને તર્પણ કરવામાં આવે છે પરંતુ તર્પણ કરવાનો સાચો અર્થ કેવળ જળાંજલિ આપવાનો નથી પરંતુ તેમને તૃપ્ત અને સંતુષ્ટ કરવાનો છે.



**તર્પણ અને પિતૃઓની સાચી તૃપ્તિ..**

તર્પણનો વ્યાપક અર્થ સમજવા જેવો છે. જે વિચારો માટે, જે ધર્મ અને સંસ્કૃતિ માટે આપણા પૂર્વજોએ પોતાનું આખું જીવન ખર્ચી નાખ્યું હોય તે જ વિચારો અને સંસ્કૃતિને ટકાવી રાખવા માટે આપણે પ્રયત્ન કરીએ, તેમની આબરૂ અને પ્રતિષ્ઠા વધે તેવું વર્તન અને આચરણ રાખીએ ત્યારે જ પિતૃઓ ખરા અર્થમાં તૃપ્ત થાય છે. રોજ દેવો પિતૃઓ અને ઋષિઓની તૃપ્તિ રહે તેવું જીવન જીવવું જોઈએ. વર્ષમાં એક દિવસ જે પિતૃઓને અને ઋષિઓને આપણે માન્યા હોય તેમના શ્રાદ્ધ નિમિત્તે આપણા જીવનનું આત્મપરીક્ષણ કરવું જોઈએ. આપણે જીવનમાં કેટલા આગળ વધ્યા અને ક્યાં ભૂલો કરી તેનો તટસ્થ રહીને વિચાર કરવો એ જ શ્રાદ્ધનો મૂળ ઉદ્દેશ છે. શ્રાદ્ધના દિવસો એટલે કૃતજ્ઞતાપૂર્વક પિતૃઓનું સ્મરણ કરવાના દિવસો. આપણા શાસ્ત્રોમાં કૃતઘ્નતા ઉપકાર ન માનવાની ભાવનાને સૌથી મોટું પાપ ગણાવવામાં આવ્યું છે.

બ્રહ્મઘ્ને ચ સુરાપે ચ ચોરે ભગ્નવતે તથા,
નિસ્કૃતિર્વિહિતા લોકે કૃતઘ્ને નાસ્તિ નિસ્કૃતિઃ

બ્રહ્મહત્યા, મદ્યપાન, ચોરી કે વ્રતભંગ જેવા પાપોનું પ્રાયશ્ચિત્ત સંભવ છે પરંતુ કૃતઘ્નતાનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. આવા મહાન પાતકમાંથી બચવા માટે જ આપણા ઋષિઓએ શ્રાદ્ધના દિવસોની કલ્પના કરી છે.

**માનવજીવન અને ત્રિવિધ ઋણ..**

માનવજીવન માત્ર પોતાના સ્વાર્થ માટે નથી પરંતુ તે વિવિધ ઋણમાંથી મુક્ત થવા માટે છે. આપણા ઉપર મુખ્યત્વે દેવોનું ઋણ, ઋષિઓનું ઋણ અને પિતૃઓનું ઋણ હોય છે.

**દેવઋણઃ** આપણો સાંસ્કૃતિક બગીચો મહેકતો રાખવા અને પછીની પેઢીઓ શાંત કલ્યાણકારી તથા પવિત્ર જીવન જીવી શકે તે માટે દેવોનું સતત ધ્યાનપૂજન અને સ્મરણ કરવું જરૂરી છે. 'દેવો ભૂત્વા દેવં યજેત્' એટલે કે દેવ થઈને દેવની પૂજા કરવી જોઈએ. દેવ અજર અમર અને અભય છે તો માનવે પણ તેવા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**ઋષિઋણઃ** ભારતની આજે વિશ્વમાં જે કિંમત છે તેનું મુખ્ય કારણ આપણા ઋષિઓ છે. ભાવિ પેઢી આનંદમય જીવન જીવી શકે તે માટે તેમણે નિરપેક્ષ ભાવે લોહીનું પાણી કરી દિવ્ય વિચારસરણી આપી અને પોતે બળીને લોકોનાં જીવન પ્રકાશિત કર્યા. ઋષિઓનું ઋણ અદા કરવા માટે ઋષિઓના વિચારોનો પ્રચાર કરવો જોઈએ અને તેમની સંસ્કૃતિનો ફેલાવો કરવો જોઈએ.

**પિતૃઋણઃ** જેમણે આપણને જન્મ આપ્યો, જેમની કૃપાથી આપણે મોટા થયા અને આપણા કલ્યાણ માટે જેમણે પોતાના સ્વાર્થનો ત્યાગ કર્યો તે પિતૃઓનું આપણા પર મોટું ઋણ છે. પિતૃઓને તૃપ્તિ થાય તેવું કાર્ય કરવું એ જ પિતૃઋણમાંથી મુક્ત થવાનો સાચો ઉપસ્થિત રસ્તો છે. જો કોઈ કારણસર પિતા પોતાના જીવનનું નિશ્ચિત ધ્યેય સિદ્ધ ન કરી શકે તો તે ધ્યેય સિદ્ધ કરવાની જવાબદારી પુત્રની છે. 'સ્યમ્ તનોતિતનુ વિસ્તારે' એટલે કે પિતાએ આપેલા ધ્યેયને આગળ વધારે તે જ સાચું સંતાન છે.

**શ્રાદ્ધપક્ષઃ આત્મમંથન અને સત્કાર્યોનો અવસર..**

શ્રાદ્ધના દિવસો એટલે પિતૃઓને યાદ કરી તેમણે આપેલા ધ્યેય તરફ આપણે કેટલા આગળ વધ્યા તેનું સરવૈયું કાઢવું. જન્મ થાય છે તે મૃત્યુ પામે છે. શ્રાદ્ધના દિવસો એટલે આ અટલ સત્યને સ્વીકારવાના દિવસો. સામાન્ય રીતે લોકો મૃત્યુને અમંગળ ગણીને પિતૃઓને યાદ કરવાના દિવસોને પણ અમંગળ માની લે છે પરંતુ આ સમજણ તદ્દન ભ્રામક છે, ઊલટાનું શ્રાદ્ધપક્ષમાં તો આપણા પિતૃઓની માફક જીવવાનું અને સત્કાર્યોનું ભાથું બાંધવા તત્પર થવાનું છે.

**આધુનિક દ્રષ્ટિકોણ અને ચાર્વાકવાદી માનસિકતા સામે સવાલ..**

આજે કમનસીબે સમાજનો એક વર્ગ શ્રાદ્ધની મશ્કરી કરે છે અને તેને માત્ર રૂઢિચુસ્તતા માને છે. ચાર્વાક પરંપરાના લોકો આજના યુગમાં પણ પ્રશ્ન કરે છે કે 'અહીં બ્રાહ્મણોને ખવડાવેલું પિતૃઓને જો પહોંચતું હોય તો મુંબઈમાં ખાધેલું દિલ્હીમાં રહેનારને કેમ નથી પહોંચતું?' કે 'ભારતની બેંકમાં ભરેલા નાણાં અમેરિકામાં ચલણમાં કેમ પ્રાપ્ત થાય છે?' આવી ભ્રાંત અને ભૂલભરેલી સમજણ ધરાવનારા લોકો એ નથી સમજતા કે ભક્તિભાવથી, શુદ્ધ અંતઃકરણથી અને અનન્ય શ્રદ્ધાથી કરેલું શ્રદ્ધાપૂર્વકનું કાર્ય મંત્રશક્તિના જોરે ચોક્કસપણે ઊર્જા પ્રસારિત કરે છે. પશ્ચિમના ચશ્મા પહેરીને પૂર્વના ગહન દર્શનને સમજી શકાતું નથી. આધુનિક ચાર્વાકોની ભ્રાંતિ દૂર કરી તેમને કૃતજ્ઞ બનાવવાનું કામ સમજદાર લોકોનું છે.

આવનારા શ્રાદ્ધ પક્ષમાં આપણે માત્ર વિધિઓ કરવા પૂરતા સીમિત ન રહીએ પરંતુ આપણાં જીવનમાં કૃતજ્ઞતાનો ભાવ કેળવીએ, પૂર્વજોના સપનાને સાકાર કરીએ અને સંસ્કૃતિના સાચા વાહક બનીએ તેવી જ અભ્યર્થના..

# ૨૬ સપ્ટેમ્બરઃ 'વિશ્વ ગર્ભનિરોધક દિવસ'; ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ જાગૃતિ અને સ્વીકૃતિની જરૂર

**કુટુંબ નિયોજન અથવા ગર્ભનિરોધક માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓને ગર્ભનિરોધક કહેવામાં આવે છે, મોટી સંખ્યામાં લોકો પાસે આ વિષય પર કોઈ સચોટ માહિતી નથીઃ ગર્ભ નિરોધકનો ઉપયોગ કરવાથી અનિચ્છનીય ગર્ભાવસ્થા ઘટાડીને માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે**

દિવસનો મુખ્ય ઉદ્દેશ ગર્ભનિરોધક પદ્ધતિઓ વિશે જાગૃતિ ફેલાવવાનો છે અને લોકોને પરિવાર નિયોજન અને સુરક્ષિત જાતીય સ્વાસ્થ્ય વિશે શિક્ષિત કરવાનો પણ છે. આ દિવસની શરૂઆત ૨૦૦૭માં થઈ હતી. ગર્ભનિરોધક સાધનોની ઉપલબ્ધતા અને તેના વિશે જાગૃતિનો અભાવ આજે પણ જોવા મળે છે. ખાસ કરીને ગ્રામીણ અને વિકાસશીલ વિસ્તારોમાં 'વિશ્વ ગર્ભનિરોધક દિવસ' દર વર્ષે ૨૬ સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ ગર્ભનિરોધક પદ્ધતિઓ વિશે જાગૃતિ ફેલાવવી અને લોકોને પરિવાર નિયોજન અને સુરક્ષિત જાતીય સ્વાસ્થ્ય વિશે શિક્ષિત કરવાનો છે. આ દિવસની શરૂઆત ૨૦૦૭માં થઈ હતી અને તેને વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, જેમ કે બેયર હેલ્થકેર અને અન્ય એન.જી.ઓ. દ્વારા સમર્થન મળે છે.

ઘણા અહેવાલો બહાર આવ્યા છે કે, મોટી સંખ્યામાં લોકો ગર્ભનિરોધકનો ઉપયોગ કરતા નથી. અત્યાર સુધીમાં તમે જન્મ નિયંત્રણ ગોળીઓ વિશે ઘણી વાર સાંભળ્યું હશે પરંતુ ઘણા લોકોને આશ્ચર્ય થાય છે કે, શું ગર્ભનિરોધકનો ઉપયોગ કરવો ખરેખર સલામત છે.

નિષ્ણાતોના મતે, કુટુંબ નિયોજન અથવા ગર્ભનિરોધક માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓને ગર્ભનિરોધક કહેવામાં આવે છે. મોટી સંખ્યામાં લોકો પાસે આ વિષય પર કોઈ સચોટ માહિતી નથી, આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે, જેના વિશે જાગૃતિ ફેલાવવી જોઈએ. સ્ત્રીરોગ



ચિકિત્સકની સલાહ લીધા પછી કુટુંબ નિયોજન માટે ગર્ભનિરોધક સારો અને સલામત વિકલ્પ બની શકે છે. ઉંમર અને શરીરની સ્થિતિના આધારે લોકોને આ અંગે સલાહ આપવામાં આવે છે.

આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં ગર્ભનિરોધકના વિવિધ વિકલ્પો વિશે જાણકારી આપવાનો છે. એ ઉપરાંત અનિચ્છનીય ગર્ભાવસ્થા અને જાતીય રોગો (STIs)ને રોકવા માટે સજાગતા વધારવી, પરિવાર નિયોજન દ્વારા મહિલાઓના સ્વાસ્થ્ય અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે.

દર વર્ષે એક નવી થીમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, ૨૦૨૬ની થીમ વિશે ચોક્કસ માહિતી નથી, પરંતુ તે સામાન્ય રીતે જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય પર ધ્યાન આપે છે.

**ગર્ભનિરોધકના પ્રકાર**

**અસ્થાયી પદ્ધતિઓઃ-** કોન્ડોમ, ગર્ભનિરોધક ગોળીઓ, IUD (ઈન્ટ્રાયુટેરાઈન ડિવાઈસ), ઈન્જેક્શનનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે કાયમી પદ્ધતિઓમાં વેસેક્ટોમી (પુરુષો માટે) અને ટ્યુબેક્ટોમી (સ્ત્રીઓ માટે)નો ઉપયોગ થાય છે. જ્યારે કુદરતી પદ્ધતિઓમાં ઋતુ ચક્રની ગણતરી, વિડ્રોઅલ મેથડ વપરાય છે. ગર્ભ નિરોધકનો ઉપયોગ કરવાથી અનિચ્છનીય ગર્ભાવસ્થા ઘટાડીને માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

જોકે આજે પણ આપણી સામે ઘણા પડકારો છે. ગર્ભનિરોધક સાધનોની ઉપલબ્ધતા અને તેના વિશે જાગૃતિનો અભાવ આજે પણ જોવા મળે છે. ખાસ કરીને ગ્રામીણ અને વિકાસશીલ વિસ્તારોમાં. બીજો પડકાર સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતાઓ અંગેનો છે, જે ગર્ભનિરોધકના ઉપયોગને અટકાવે છે. એ ઉપરાંત યુવાનોમાં જાતીય શિક્ષણની અછત ખાસ જોવા મળે છે.

ભારતની વાત કરીએ તો ભારતમાં પરિવાર નિયોજન કાર્યક્રમોને પ્રોત્સાહન આપવામાં આવે છે, જેમાં મફત ગર્ભનિરોધક સાધનો અને સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આશા વર્કર્સ અને આરોગ્ય કેન્દ્રો દ્વારા જાગૃતિ અને સેવાઓ પહોંચાડવામાં આવે છે. છતાં, ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ જાગૃતિ અને સ્વીકૃતિની જરૂર છે.

આમ 'વિશ્વ ગર્ભનિરોધક દિવસ' એક મહત્ત્વપૂર્ણ પહેલ છે, જે વ્યક્તિઓને તેમના જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય વિશે જાણકાર નિર્ણયો લેવા માટે પ્રોત્સાહિત કરે છે, જેનાથી વ્યક્તિગત અને સામાજિક સ્તરે સકારાત્મક પરિવર્તન આવે છે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

## શુટિંગમાં કમલજીત અને સુરુચિનું સટીક નિશાન, બીજો ગોલ્ડ મેડલ આવ્યો ઝોળીમાં





**સુરુચિ અને કમલજીતની જોડીએ ૧૦ મીટર પિસ્ટલ શુટિંગના મિક્સ્ડ ઈવેન્ટમાં ૪૮૪.૬ના સ્કોર સાથે પહેલું સ્થાન મેળવ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫ :** એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતનો મેડલ જીતવાનો સિલસિલો ચાલુ છે. અત્યાર સુધીમાં ભારતે ૨ ગોલ્ડ, ૭ સિલ્વર, અને ૯ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ૨૫ સપ્ટેમ્બરે ભારતે શૂટિંગમાં ગોલ્ડ જીત્યો જયારે બે અન્ય મેડલ સ્ક્વોશ અને ટેબલ ટેનિસમાં કન્ફર્મ કર્યા. કમલજીત અને સુરુચિ સિંહે ૧૦ મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ગોલ્ડ



મેડલ પર કબજો જમાવ્યો. કબડ્ડીમાં વધુ બે મેડલ કન્ફર્મ થઈ શકે છે. દીયા ચિતલે અને માનુષ શાહે મિશ્રિત ટેબલ ટેનિસ સ્પર્ધાની સેમીફાઈનલ સુધી પહોંચીને મેડલ પાક્કો કર્યો છે. જ્યારે જોશના ચિનપ્પા અને વેલાવન સેન્થિલકુમારે મિશ્રિત યુગલ સ્ક્વોશની સેમીફાઈનલમાં પહોંચીને મેડલ પાક્કો કર્યો.

કમલજીત અને સુરુચિ સિંહે ૧૦ મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ગોલ્ડ જીત્યો. આ રીતે એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતને બીજો ગોલ્ડ મળ્યો. તેમનો ફાઈનલ સ્કોર ૪૮૪.૬ હતો. જે બીજા નંબર પર આવેલા દક્ષિણ કોરિયાથી ૬.૬ પોઈન્ટ વધુ હતો. સુરુચિ અને કમલજીતે ૪૮૪.૬નો સ્કોર કરીને નવો ગેમ્સ રેકોર્ડ બનાવ્યો અને એશિયન ગેમ્સમાં આ ઈવેન્ટમાં પહેલો ગોલ્ડ જીત્યો.

ઈન્ડિયન વિમેન્સ ટીમે શ્રીલંકાને ૧૪૮ રનથી હરાવીને ૨૦૨૬ એશિયાડનો દેશનો પહેલો ગોલ્ડ મેડલ જીત્યો હતો. સ્મૃતિ મંદાનાએ ૪૫ બોલમાં ૭૯ રન કર્યા હતા જેના કારણે ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૧૬ રનનો વિશાળ સ્કોર ખડો કર્યો હતો. દીપ્તિ શર્માએ ૩ વિકેટ લીધી જેનાથી શ્રીલંકા ૧૫.૪ ઓવરમાં ફક્ત ૬૯ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય શુટર્સ અત્યાર સુધીમાં ૧૦ મેડલ અપાવી ચૂક્યા છે. જેમાં ૫ સિલ્વર અને ૪ બ્રોન્ઝ પણ સામેલ છે. કમલજીત અને સુરુચિએ શુટિંગમાં પહેલો ગોલ્ડ અપાવ્યો. આ ગોલ્ડ મેડલ સાથે ભારત મેડલ ટેલીમાં ૧૨માં સ્થાને પહોંચી ગયું છે. તેણે અત્યાર સુધીમાં ૨ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૯ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૯ મેડલ મેળવ્યા છે. ચીન કુલ ૧૩૫ મેડલ સાથે સૌથી આગળ છે. ચીનના ફાળે ૮૫ ગોલ્ડ ૩૦ સિલ્વર અને ૨૦ બ્રોન્ઝ મેડલ ગયા છે. જ્યારે ૨૧ ગોલ્ડ સાથે જાપાન બીજા નંબરે છે. કુલ મેડલ ૯૫ મળ્યા જેમાં ૩૬ સિલ્વર અને ૩૮ બ્રોન્ઝ પણ સામેલ છે. જ્યારે કુલ ૫૪ મેડલ સાથે સાઉથ કોરીયા બીજા નંબરે છે. જેમાં ૧૧ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને ૨૯ બ્રોન્ઝ મેડલ સામેલ છે.

## મુંબઈ ઈન્ડિયન્સ WPL ટીમના નવા હેડ કોચ બન્યા લ્યુક વિલિયમ્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫:** મુંબઈ ઈન્ડિયન્સે વુમન્સ પ્રીમિયર લીગ (WPL) ૨૦૨૭ની તૈયારીના ભાગરૂપે તેમની મહિલા ટીમમાં મોટો ફેરફાર કર્યો છે. ફ્રેન્ચાઈઝીએ પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર લ્યુક વિલિયમ્સને ટીમના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ લિસા કીટલીનું સ્થાન લેશે, જેમણે માત્ર એક સીઝન ટીમનું નેતૃત્વ કર્યા બાદ પદ છોડી દીધું હતું. કીટલી પહેલાં શાર્લોટ એડવર્ડ્સે ટીમના કોચ તરીકે સેવા આપી હતી.




૪૬ વર્ષીય લ્યુક વિલિયમ્સ કોચિંગનો બહોળો અનુભવ ધરાવે છે. તેમણે ૨૦૨૪માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને WPLનું ટાઈટલ જીતાડ્યું હતું. આ ઉપરાંત તેમણે એડિલેડ સ્ટ્રાઈકર્સને બે વાર WBBLમાં રનર-અપ બનાવવામાં મદદ કરી હતી અને ૨૦૨૨-૨૩ની સીઝનમાં તેમનું પ્રથમ WBBL ટાઈટલ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

વિલિયમ્સે ૨૦૨૩માં વુમન્સ હન્ડ્રેડ સ્પર્ધામાં સધર્ન બ્રેવ માટે સહાયક કોચ તરીકે પણ સેવા આપી હતી, જેમાં ટીમે સફળ અભિયાન પાર પાડ્યું હતું. તેઓ ૨૦૨૫થી ઈંગ્લેન્ડની મહિલા ટીમ માટે સહાયક કોચ તરીકે પણ કામ કરી રહ્યા હતા. વિલિયમ્સ સામે મુંબઈ ઈન્ડિયન્સને WPLમાં ફરી સફળતા અપાવવાનો પડકાર છે. બે વખતની WPL ચેમ્પિયન ટીમ માટે ૨૦૨૬ની સીઝન ખરાબ રહી હતી. હરમનપ્રીત કૌરના નેતૃત્વવાળી ટીમે માત્ર ત્રણ મેચ જીતી હતી અને પોઈન્ટ્સ ટેબલમાં ચોથા સ્થાને રહી હતી.

મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાવા પર વિલિયમ્સે પ્રતિષ્ઠિત અને સફળ સંસ્થાનો ભાગ બનવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે ટીમની પ્રતિભાશાળી ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ સાથે કામ કરવા અંગે પણ પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સના માલિક નીતા અંબાણીએ લ્યુક વિલિયમ્સની નિમણૂકનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વિલિયમ્સ એક વિનર કોચ તરીકે સાબિત થયા છે, જેઓ મહિલા ક્રિકેટમાં ઊંડો અનુભવ અને ખેલાડીઓના વિકાસ પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા ધરાવે છે. નીતા અંબાણીએ કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સની મહિલા ટીમે WPLમાં મજબૂત વારસો સ્થાપિત કર્યો છે અને તેમને વિશ્વાસ છે કે લ્યુક વિલિયમ્સના માર્ગદર્શન અને હરમનપ્રીતના નેતૃત્વ હેઠળ ટીમ આગળ વધશે.

**પટના-ચંડીગઢમાં વોટર કેનન, આસામમાં ગૌરવ ગોગોઈની અટકાયત**

# ચૂંટણી પંચની કામગીરી-મતદાર યાદીની પ્રક્રિયા સામે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન







(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫**

દેશભરમાં ચૂંટણી પંચ (ECI)ની કામગીરી અને મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની પ્રક્રિયાને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામા અને તેમને પદ પરથી હટાવવાની માગ સાથે કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષો દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. શુક્રવારે અસમથી લઈને ચંદીગઢ, પટના અને દિલ્હી સુધી ઉગ્ર દેખાવો જોવા મળ્યા હતા, જેમાં અસમ કોંગ્રેસ પ્રમુખ સહિત અનેક અગ્રણી નેતાઓની અટકાયત કરવામાં આવી છે અને કેટલાક સ્થળોએ પ્રદર્શનકારીઓને વિખેરવા પોલીસને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો.

ચૂંટણી પંચના વલણ સામે કોંગ્રેસ કાર્યકરોએ દેશના અલગ-અલગ રાજ્યોમાં આક્રમક દેખાવો યોજ્યા હતા. ચંદીગઢ અને પટના ખાતે રસ્તા પર ઉતરેલા કાર્યકરોને અટકાવવા માટે પોલીસે પાણીનો મારો ચલાવવો પડ્યો હતો. બીજી તરફ ગુવાહાટીમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા અસમ કોંગ્રેસ પ્રમુખ ગૌરવ ગોગોઈ અને અન્ય વરિષ્ઠ પક્ષીય નેતાઓની પોલીસે અટકાયત કરી લીધી હતી. ચંદીગઢમાં પ્રદર્શન દરમિયાન પંજાબ કોંગ્રેસ પ્રમુખ અમરિન્દર સિંહ રાજા વડિંગે આરોપ મૂક્યો હતો કે સમગ્ર દેશમાં મતોની ચોરી થઈ રહી છે અને એકલા પંજાબમાં ૨૦ લાખ મતો કાઢી નાખવામાં આવ્યા છે, જેથી SIR પ્રક્રિયા તુરંત અટકાવીને એફઆઈઆર નોંધવી જોઈએ.

**મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે અસમ, દિલ્હી, ચંદીગઢ, પટના સહિત અનેક રાજ્યોમાં દેખાવો થયા હતા**

રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં ચૂંટણી પંચની મુખ્ય કચેરી અને જંતર-મંતર બહાર ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો, જ્યાં ભારતીય યુવા કોંગ્રેસ (IYC) અને કોંગ્રેસના કાર્યકરોએ મોરચો માંડ્યો હતો. આ સિવાય મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ તેમજ પુડુચેરી જેવા રાજ્યોમાં પણ કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે જોરદાર દેખાવો કર્યા હતા. આ સમગ્ર વિવાદની શરૂઆત એક મીડિયા રિપોર્ટ બાદ થઈ છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા ૧૦ મહિનામાં ૧૪ વખત જીંઈ પ્રક્રિયા સાથે જોડાયેલા નિર્ણયો પર ગંભીર આપત્તિઓ નોંધી હતી. આ વાંધાઓમાં મતદાર નોંધણી, નામો ઉમેરવા કે રદ કરવા અને ડેટાબેઝ સુધી પહોંચ જેવા સંવેદનશીલ મુદ્દાઓ સામેલ હતા. આ રિપોર્ટ સામે આવ્યા બાદ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, ભારતમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સહિત અનેક વિધાનસભા ચૂંટણીઓમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ મુદ્દે વાયનાડ ખાતે પ્રતિક્રિયા આપતાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું કે, દેશભરમાં ૧૩ કરોડ મતદારોના નામ હટાવી દેવાયા હોવાના પુરાવા છે અને ચૂંટણી પ્રક્રિયા સાથે છેડછાડ કરવી એ દેશદ્રોહ સમાન ગંભીર કૃત્ય છે.

ચૂંટણી પંચે પોતાના સત્તાવાર નિવેદનમાં આંતરિક મતભેદના દાવાઓને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે કોઈપણ બહુ-સદસ્યીય સંસ્થામાં વહીવટી સ્તરે સૂચનો અને પ્રતિભાવો મેળવવા તે એક સામાન્ય પ્રક્રિયાનો ભાગ છે. પંચે વધુમાં જણાવ્યું હતું કે SIR પ્રક્રિયા સાથે સંકળાયેલા તમામ અંતિમ નિર્ણયો સર્વસંમતિથી જ લેવામાં આવ્યા હતા.

## તમામ નિર્ણયો કરો રદ્દ કરવા જ્ઞાનેશ કુમાર સામે સુપ્રીમ કોર્ટમાં અરજી

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૨૫**

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના કથિત એકતરફી નિર્ણયો સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. તેમાં વિવાદ વાળા તમામ નિર્ણયોને રદ્દ કરવાની માગ કરવામાં આવી છે. શૈલેન્દ્ર મણિ ત્રિપાઠી નામના વકીલ તરફથી દાખલ અરજીમાં જ્ઞાનેશ કુમાર સહિત બીજા અધિકારીઓ પર યોગ્ય કાનૂની કાર્યવાહી કરવાની માગ પણ કરવામાં આવી છે. અરજીમાં વિનંતી કરવામાં આવી છે, સત્તાવાર ફરજોનું જાણીજોઈને ઉલ્લંઘન કરવાના દોષી મળી આવેલા તમામ અધિકારીઓ સામે જન પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ ની કલમ ૩૨ હેઠળ ફરિયાદો નોંધો અને કેસ શરૂ કરો. અરજીકર્તાએ સ્વતંત્ર ન્યાયિક તપાસ પંચ અથવા સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવાની માગ કરી છે. આ તપાસ ટીમની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ કરે અને જેમાં સાયબર સિક્યોરિટી અને IT એક્સપર્ટ્સ પણ સામેલ હોય. અરજીમાં કહેવામાં આવ્યું છે કે જ્ઞાનેશ કુમાર પર જે આરોપ છે તેમાં તેમણે ભારતીય ચૂંટણી પંચ (ECI) માં એકતરફી નિર્ણયો લીધા. તેમાં ફોર્મ ૬ માં ગેરકાયદેસર ફેરફાર, વોટર લિસ્ટના ડેટાનું કેન્દ્રીકરણ અને અન્ય બે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીના વાંધાઓ છતાં લેવામાં આવેલા નિર્ણયો સામેલ છે. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે આ નિર્ણયોના કારણે યોગ્ય મતદાતાઓ યાદીમાંથી બહાર થઈ ગયા. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી કમિશનર જોશી અને સંધૂએ મે ૨૦૨૬ માં ફોર્મ ૬ માં ફેરફાર પર વાંધો વ્યક્ત કર્યો હતો.

**જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ**

## સીજેપી ૨ ઓક્ટોબરે મુંબઈથી પોતાનું દેશવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫**

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સંયોજક અભિજીત દીપકે ચૂંટણી પંચ અને જીંઈ પ્રક્રિયા પર ઊઠી રહેલા સવાલો વચ્ચે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની મુશ્કેલીઓ વધારતી જાહેરાત કરી છે.

તેમણે શુક્રવારે (૨૫ સપ્ટેમ્બર) X પર લખ્યું, જો જ્ઞાનેશ કુમાર કાલ સુધી રાજીનામું નહીં આપો, તો CJP ૨ ઓક્ટોબરે મુંબઈથી પોતાનું દેશવ્યાપી વિરોધ પ્રદર્શન શરૂ કરશે. તેને ભારતભરના શહેરો સુધી લઈ જવામાં આવશે. આ ગાંધીજયંતી પર ચાલો લોકતંત્રને બચાવવાનો સંકલ્પ લઈએ. આ



પહેલા અભિજીત દીપકે અને તેમના સહયોગી સૌરવ દાસ અને આશુતોષ રાંકાએ પ્રેસ કોન્ફરન્સ કરીને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું. તેમણે કહ્યું, અમે ૩ માગણીઓ મૂકી રહ્યા છીએ. પહેલું- જ્ઞાનેશ કુમારનું રાજીનામું થાય અને તેમની સામે ગુનાહિત કાર્યવાહી શરૂ કરવામાં આવે. બીજું- SIR પર રોક લાગે અને જાન્યુઆરી ૨૦૨૫ ની વોટર લિસ્ટને પુનઃસ્થાપિત કરવામાં આવે. ૨૦૨૩ ના કાયદાને રદ્દ કરવામાં આવે અને ચૂંટણી પંચમાં સુધારો થાય. અભિજીત દીપકની આ જાહેરાત એટલા માટે મહત્વપૂર્ણ બની જાય છે કારણ કે નીટ પેપર લીક સામે દિલ્હીના જંતર મંતર પર થયેલા CJP ના પ્રદર્શન બાદ શિક્ષણ મંત્રીના પદ પરથી ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવું પડ્યું હતું. સરકારે વાતચીતની પણ પહેલ કરી હતી.

ચૂંટણી પંચ અને SIR ને લઈને બુધવારે (૨૩ સપ્ટેમ્બર) ઈન્ડિયન એક્સપ્રેસ અખબારના ખુલાસા બાદ નવો વિવાદ શરૂ થયો હતો.

## મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને ભાજપના સાથી પક્ષો પણ ચિંતિત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫**

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગેના એક મીડિયા રિપોર્ટ બાદ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિવાદો ઘેરા બન્યા છે, જેના પગલે સત્તારૂઢ NDA ગઠબંધનના સાથી પક્ષો દ્વારા કમિશનર પાસે સ્પષ્ટતા માંગવામાં આવી છે. જ્યારે વિપક્ષ દ્વારા તેમના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારના સહયોગી પક્ષ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) ના નેતા અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને આ સમગ્ર મામલાને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો હતો. ચૂંટણી પંચને જનતા સમક્ષ પોતાનો પક્ષ મજબૂતાઈથી મૂકવા આહ્વાન કર્યું હતું. બીજી તરફ ચૂંટણી પંચ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે તમામ નિર્ણયો પરસ્પર સહમતિથી જ લેવામાં આવ્યા હતા. એક બીજા સાથે અસંમત હોવું તે તંદુરસ્ત લોકશાહીનો જ એક ભાગ છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા અને તેમને સરકારી સાક્ષી બનવાની સલાહ આપતા રાજીનામાની માંગ કરાઈ હતી. આ ઉપરાંત ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાઈક અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીએ પણ મતદાર યાદીમાંથી ૩૦ લાખ નામ કપાવાના દાવા સાથે સવાલો ઉઠાવ્યા હતા અને જીંઈ પ્રક્રિયા પર પુનઃવિચારણા કરવાની માંગ કરી હતી. વિપક્ષો અને વિવિધ સંગઠનો આ મુદ્દે આક્રમક જોવા મળી રહ્યા છે. કોંગ્રેસ દ્વારા તો આજે સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી હોવા ઉપરાંત સમગ્ર કાર્યક્રમની રૂપરેખા પણ જાહેર કરવામાં આવી છે. જેના અંતર્ગત તે તબક્કાવાર વિરોધ પ્રદર્શન કરશે.

## બંગાળની ખાડીનું ડીપ ડિપ્રેશન થયું મજબૂતઃ આગામી ૩ દિવસ ભારે વરસાદનું એલર્ટ, ફૂંકાઈ શકે તેજ પવન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫**

ચોમાસાની વિદાય સાથે જ બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશન સર્જાયું છે. જેના કારણે અર્નબ વાવાઝોડું મજબૂત બન્યું છે અને તેની અસર દેશના ઘણા બધા રાજ્યોમાં જોવા મળી રહી છે. વાવાઝોડાના કારણે દિલ્હી બિહાર ઉત્તરપ્રદેશ રાજસ્થાન અને પંજાબ સહિતના રાજ્યોમાં વરસાદ નોંધાઈ રહ્યો છે. આ સાથે જ હવામાન વિભાગ એ શુક્રવારે પણ વરસાદ, તેજ પવન ફૂંકાવાને લઈને એલર્ટ જારી કર્યું છે.

અર્નબ વાવાઝોડાની અસરના કારણે દેશના કેટલાક રાજ્યોમાં શુક્રવાર અને ૨૫ સપ્ટેમ્બરે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર યુપી, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, જમ્મુ-કશ્મીર, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, બંગાળ અને છત્તીસગઢમાં આજે વરસાદ થાય તેવી પ્રબળ સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અર્નબ વાવાઝોડાની અસરના કારણે કેટલાક રાજ્યોમાં તેજ પવન ફૂંકાઈ શકે છે. આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં ૬૦ થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે માછીમારોને દરિયાથી દૂર રહેવાની સલાહ આપી છે. આ સાથે જ ઓરિસ્સાના નીચાણવાળા વિસ્તારોમાં લેન્ડ સ્લાઈડ નું જોખમ પણ વ્યક્ત કરવામાં આવ્યું છે જેના કારણે ૮,૦૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે આગામી ૩ દિવસ માટે ઉત્તર પ્રદેશના ઘણા બધા જિલ્લામાં ભારે વરસાદ થાય તેવી આગાહી કરી છે. બંગાળની ખાડીમાં બનેલા ડીપ ડિપ્રેશનના કારણે વાતાવરણમાં ફેરફાર આવ્યો છે. જેના કારણે ઓરિસ્સા સહિત આંધ્રપ્રદેશ પછી યુપીમાં પણ વરસાદી વાતાવરણ સર્જાઈ શકે છે. યુપીમાં ૨૩ જેટલા માટે હવામાન વિભાગે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગ અનુસાર ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગ એ પર્વતીય વિસ્તારોમાં પણ ભારે વરસાદ અને તેજ હવા ફૂંકાવાની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર બે દિવસ દરમિયાન નૈનીતાલ, બાગેશ્વર, ચંપાવત, ઋષિકેષ, ચમોલી સહિતના પર્વતીય વિસ્તારોમાં પણ ભારે વરસાદ અને આંધી ફૂંકાય તેવી શક્યતા છે. હિમાચલ પ્રદેશમાં કાંગડા, મંડી, ચંબા અને બિલાસપુરમાં પણ વરસાદ થાય તેવી આગાહી કરવામાં આવી છે.

**વર્તમાન પ્રવાહ**
**CORPORATE NEWS**

## કલ્ટે અમદાવાદ અને સુરતમાં પાંચ ફિટનેસ સેન્ટર્સ સાથે ગુજરાતમાં વિસ્તરણ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૫:** ફિટનેસ પ્લેટફોર્મ કલ્ટ.ફિટ લિમિટેડે (cult.fit Ltd) ગુજરાતમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી છે. કંપની અમદાવાદ અને સુરતમાં કુલ પાંચ ફિટનેસ સેન્ટર્સ શરૂ કરશે. રાજ્યના બે મહત્વપૂર્ણ બજારોમાં કરવામાં આવેલું આ વિસ્તરણ સમગ્ર ભારતમાં પોતાની હાજરી વધુ મજબૂત કરવાની બ્રાન્ડની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે. સુરતમાં આઉટલેટ્સ વીઆઈપી રોડ અને અડાજણ ખાતે આવેલા છે. કલ્ટ એલિટ પાસ સાથે સભ્યોને ભારતમાં ૭૭ શહેરોમાં આવેલી ફિટનેસ ચેઈનના સેન્ટરોમાં પ્રવેશની સુવિધા મળે છે.

આ વિસ્તરણ અંગે કલ્ટ.ફિટના સીઈઓ શ્રી નરેશ કૃષ્ણસ્વામીએ જણાવ્યું હતું કે, ''ભારતમાં ફિટનેસનું ક્ષેત્ર હવે માત્ર મોટા મેટ્રો શહેરો પૂરતું સીમિત રહ્યું નથી. ગુજરાતમાં પ્રવેશએ દિશામાં અમારી સફરનું એક મહત્વપૂર્ણ પગલું છે. અમદાવાદ અને સુરત અમને રાજ્યમાં વધુ વ્યાપક હાજરી ઊભી કરવા માટે મજબૂત પાયો પૂરો પાડે છે.''

ગુજરાતમાં શરૂ થનારા પાંચેય નવા સેન્ટર કલ્ટ એલિટ હાઈબ્રિડ ફિટનેસ સેન્ટર છે, જે દરેક ૭,૦૦૦થી ૮,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા છે. આ અનોખું હાઈબ્રિડ ફોર્મેટ ફિટનેસમાં રસ ધરાવતા લોકોની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરે છે, કારણ કે તેમાં ગ્રુપ ક્લાસીસની સાથે પરંપરાગત જિમની સુવિધા પણ ઉપલબ્ધ છે. કલ્ટે પોતાના પાંચેય લોકપ્રિય ગ્રુપ ક્લાસ ફોર્મેટ ગુજરાતમાં પણ રજૂ કર્યા છે. તેમાં ડાન્સ ફિટનેસ અને ઈવોલ્વ યોગાનો સમાવેશ થાય છે, જે ફિટનેસની શરૂઆત કરનારા લોકો માટે ઓછા સંકોચ સાથે ફિટનેસ તરફ આગળ વધવાની તક આપે છે. આ ઉપરાંત સ્ટ્રેન્થ+, એચઆરએક્સ અને બર્ન જેવા સ્ટ્રેન્થ અને એચઆઈઆઈટી ફોર્મેટ પણ ઉપલબ્ધ છે.

ગુજરાતમાં કલ્ટનું આગમન એવા સમયે થયું છે જ્યારે લોકોમાં ફિટનેસ અંગે જાગૃતિ વધી રહી છે. ભારતમાં ફિટનેસ અને એક્ટિવ લાઈફસ્ટાઈલ સાથે સંબંધિત સર્વિસીસનું બજાર કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં આશરે રૂ.૨૫,૬૦૦ કરોડ હતું, જે ૧૪થી ૧૬ ટકાના સીએજીઆર સાથે વધીને કેલેન્ડર વર્ષ ૨૦૩૦ સુધીમાં રૂ.૪૮,૭૦૦ કરોડથી રૂ.૫૩,૧૦૦ કરોડ સુધી પહોંચવાની અપેક્ષા છે.

## UNમાં ખૂબ ગરજ્યા ઈઝરાયલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂ

# યહૂદી અસહાય નથી, બરાબર જવાબ આપશે



### તેમણે ખુલ્લી ચેતવણી પણ આપી દીધી છે અને કહી દીધું છે કે તેમના પર હુમલો થયો તો જડબાતોડ જવાબ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ન્યૂયોર્ક, તા.૨૫**

ન્યૂયોર્કમાં ચાલી રહેલી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં ઈઝરાઈલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂએ દુનિયાભરના દેશોને ખૂબ ખખડાવ્યા. તેમણે કહ્યું કે છેલ્લા બે વર્ષથી ઈઝરાયેલ આતંકવાદીઓ સામે લડી રહ્યું છે પરંતુ ઈઝરાયેલનો સાથ આપવાને બદલે હમાસ અને હિજબુલ્લા જેવા આતંકીઓનું સમર્થન કરવામાં આવી રહ્યું છે. આતંકવાદ મુદ્દે બેંજામિન નેતન્યાહૂ એ સ્પષ્ટ કહી દીધું કે ઈઝરાયલ લડવાનું નહીં છોડે અને પોતાની નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરશે તેમના પર કોઈ હુમલો કરશે તો ઈઝરાયેલ એને બરાબર જવાબ આપશે.

સામાન્ય સભામાં બોલવા માટે જ્યારે બેંજામિન નેતન્યાહૂનું નામ બોલાવવામાં આવ્યું તો ઈસ્લામિક દેશો, યુરોપિયન યુનિયન અને આફ્રિકાના મોટાભાગના દેશો એ તેમનો બોયકોટ કર્યો અને નેતાઓ હોલની બહાર નીકળવા લાગ્યા. આ દ્રશ્ય જોઈને સ્ટેજ પરથી બેંજામિન નેતન્યાહૂ એ હળવા અંદાજમાં એવું કહ્યું કે, ભાષણ શરૂ કરતાં પહેલાં એક રિક્વેસ્ટ છે કે જો હોલમાં હજી પણ કોઈ કાયર હોય તો તે બહાર નીકળી જાય... બેંજામિન નેતન્યાહૂનો આવાજ સાંભળીને હોલમાં અંદર બેઠેલા રાજકીય નેતાઓએ તાળીઓ વગાડી તેનું સ્વાગત કર્યું અને પછી નેતાન્યા હોઈએ બોલવાનું શરૂ કર્યું.

ઈઝરાયેલ ના પ્રધાનમંત્રી બેંજામિન નેતન્યાહૂએ આ તકે ઈરાનનો ઉલ્લેખ પણ કર્યો. તેમણે કહ્યું કે ઈરાનના પરમાણુ ઠેકાણા નો નાશ કરવો મુશ્કેલ હતું પરંતુ એક પ્રધાનમંત્રી તરીકે તેણે કરેલો નિર્ણય સૌથી સરળ હતો કારણ કે જો ઈઝરાયેલ આવું ન કરે તો બધા જ મરી ચૂક્યા હોત. બેંજામિન નેતન્યાહૂ અરબ દેશો ઉપર પણ ખૂબ વરસ્યા. તેમણે એવું પણ કહ્યું કે ઈઝરાઈલ એવા અરબ દેશોની પણ રક્ષા કરે છે જેના પ્રતિનિધિ થોડીવાર પહેલા જ હોલમાંથી બહાર નીકળી ગયા. કેટલાક પ્રતિનિધિએ ઈરાનના પરમાણુ હથિયારને નષ્ટ કરવા માટે તેમનો આભાર પણ માન્યો હતો. પરંતુ તેમનું આ પાખંડ આશ્ચર્યજનક છે અને કલ્પના ન કરી શકાય તેવું છે. ઈઝરાયેલના પીએમ બેંજામિન નેતન્યાહૂએ તેના ભાષણમાં આગળ કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી તેઓ સાત મોરચે યુદ્ધ કરી રહ્યા છે. ઈઝરાઈલ ન્યુ જર્સી જેવડો દેશ છે જે ૩ વર્ષથી દિવસ રાત લડી રહ્યો છે. હમાસ, હિજબુલ્લાહ, હૌથી, ઈરાન, ઈરાકમાં મિલિશિયા, સીરિયામાં મિલિશિયા, યહૂદિયા અને સામરિયામાં ફિલિસ્તીની આતંકવાદી, આ બધા જ ઈઝરાઈલને ધરતી પરથી હટાવી દેવા માટે એક થઈ ગયા હતા. પરંતુ તેઓ અસફળ રહ્યા કારણ કે ઈઝરાયેલને તેમને બરાબર જવાબ આપ્યો.

યુએનમાંથી યહૂદી વિરોધીઓને ચેતવણી આપતા બેંજામિન નેતન્યાહૂ ને સ્પષ્ટ કહી દીધું કે દુનિયાભરના યહૂદી વિરોધી ઈઝરાઈલ ના લોકોમાં ડર ઉભો કરવા માંગતા હતા. આવા લોકો વિશે તેમને બધી જ ખબર છે. પરંતુ તે દિવસો બદલી ગયા જ્યારે યહૂદી અસહાય અને પીડિત હતાં. હવે તેમની પાસે એક રાષ્ટ્ર છે, તેમની પાસે એક સેના છે અને એક મોટો જનસમૂહ છે જે પોતાની રક્ષા કરવા માટે તૈયાર અને પ્રતિબંધ છે. આ તકે તેમણે એક મોટો સંદેશ પણ આપ્યો હતો. તેમણે કહ્યું યહૂદી માથું ઊંચું રાખી ગર્વ અનુભવ કરે અને ડરનો અનુભવ ન કરે. કારણ કે તે સત્ય અને ન્યાયની રક્ષા કેવી રીતે કરવી તેઓ જાણે છે. જો તેમના પર કોઈ હુમલો કરશે તો તે જવાબ પણ આપશે.

## કર્ણાટક વિધાનસભામાં

# કોંગ્રેસના ધારાસભ્ય બાખડ્યા, મહિલા ધારાસભ્યે ટેબલ પછાડી કહ્યું- તમને જોઈ લઈશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેંગલુરુ, તા.૨૫**

કર્ણાટક વિધાનસભા સત્ર દરમિયાન શાસક પક્ષ કોંગ્રેસની અંદર ચાલી રહેલો આંતરિક વિવાદ ફરી એકવાર જાહેરમાં આવ્યો છે. બાંગરપેટથી કોંગ્રેસના ધારાસભ્ય એસ.એન. નારાયણસ્વામીએ પોતાની જ પાર્ટીના મહિલા ધારાસભ્ય રૂપકલા શશિકિરણ સામે ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનું કહેવું છે કે સત્રની કાર્યવાહી દરમિયાન મહિલા ધારાસભ્યએ તેમને ગંભીર ધમકી આપી છે.

ધારાસભ્ય એસ.એન. નારાયણસ્વામીના જણાવ્યા અનુસાર, વિધાનસભામાં તેમની પાછળ બેઠેલાં રૂપકલા અચાનક તેમની પાસે આવ્યા અને તેમની સામે રાખેલું ટેબલ જોરથી પછાડ્યું હતું. નારાયણસ્વામીએ આરોપ મૂક્યો કે, રૂપકલાએ મારી સામે આંગળી ચીંધીને ચેતવણી આપી હતી કે તેઓ મને જોઈ લેશે. આ કથિત ધમકી બાદ નારાયણસ્વામીએ પોતાની સુરક્ષાને લઈને ડર વ્યક્ત કર્યો છે. આ ઘટના ત્યારે બની જ્યારે વિધાનસભામાં ઈંડી અને ચાડચન તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત યાદીમાંથી બહાર રાખવાના વિરોધમાં કોંગ્રેસના ધારાસભ્ય યશવંતરાયગૌડા પાટીલ દ્વારા સોંપવામાં આવેલા રાજીનામા પર ચર્ચા ચાલી રહી હતી.

નારાયણસ્વામીએ સ્પષ્ટ કર્યું કે, હું અને ધારાસભ્ય એસ.એન. સુબ્બારેડ્ડી માત્રસાદી વાતચીત કરી રહ્યા હતા અને અમે રૂપકલા વિશે કોઈ ચર્ચા સુદ્ધાં નહોતી કરી, છતાં તેઓ અચાનક ગુસ્સે થઈને અમારી પાસે આવી ગયા હતા. ઉલ્લેખનીય છે કે રૂપકલા શશિકિરણ, નારાયણસ્વામી અને સુબ્બારેડ્ડી ત્રણેય કોલાર જિલ્લાના અલગ-અલગ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરે છે. રૂપકલા શશિકિરણ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યના સમાજ કલ્યાણ મંત્રી કે.એચ. મુનિયપ્પાના પુત્રી છે. બીજી બાજુ, નારાયણસ્વામી અને આ વિસ્તારના અન્ય કેટલાક નેતાઓ લાંબા સમયથી મુનિયપ્પાનો વિરોધ કરતા આવ્યા છે. પોતાની અસલામતી વ્યક્ત કરતા નારાયણસ્વામીએ જણાવ્યું હતું કે, હું સામાન્ય પરિવારથી આવું છું અને મારા પિતા કોઈ ધારાસભ્ય નહોતા. મને ખબર નથી કે તે કેમ ભડકી ગયા. મારી એટલી હેસિયત નથી કે તેમના વિશે વાત કરું. હું ડરેલો છું કારણ કે તેમના પિતા કે.એચ. મુનિયપ્પા અગાઉ પણ આપણને નુકસાન પહોંચાડી ચૂક્યા છે અને હવે તેમના મોઢેથી આવી વાતો સાંભળવા મળી રહી છે.

# UNની બહાર હાફિઝ સઈદના સવાલ પર પાકિસ્તાની PMનું મૌન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ન્યૂયોર્ક, તા.૨૫**

ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાગ લેવા પહોંચેલા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે પોતાને એવા દેશ તરીકે રજૂ કર્યો, જે આતંકવાદને ખતમ કરવા માગે છે. આ દરમિયાન આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદને લઈને સવાલ કરવામાં આવ્યો હતો, ત્યારે તેઓ જવાબ આપવાનું ટાળતા જોવા મળ્યા હતા. ભારતીય પત્રકારે તેમને જતા સમયે સીધો સવાલ કર્યો- હાફિઝ સઈદ પર કેસ ક્યારે ચાલશે? તેના જવાબમાં શાહબાઝ શરીફ ત્યાંથી ભાગતા જોવા મળ્યા હતા. રસપ્રદ વાત એ હતી કે શાહબાઝ શરીફે પોતાના સંયુક્ત રાષ્ટ્રના ભાષણમાં આતંકવાદનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ત્યાં સુધી કહ્યું હતું કે જો તેઓ આતંકવાદીઓ સામે કાર્યવાહી ન કરી હોત તો તેઓ લંડન અને ન્યૂયોર્કની શેરીઓમાં જોવા મળત. આના તરત બાદ સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાંથી બહાર નીકળતી વખતે તેમને સવાલ કરવામાં આવ્યો, ‘તમે લશ્કરના વડા હાફિઝ સઈદ પર ક્યારે કેસ ચલાવશો?’ તેના બદલે શાહબાઝે કોઈ જવાબ આપ્યો નહીં અને હાથ હલાવતા ત્યાંથી ભાગતા નજરે પડ્યા હતા.

હાફિઝ સઈદ નામ ભારત માટે ક્યારેય ન રૂઝાય એવા ઘા સમાન છે. તે પાકિસ્તાનમાં રહીને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનો સ્થાપક છે. તે ભારતમાં થયેલા ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાનો મુખ્ય સૂત્રધાર છે અને આ કેસમાં મોસ્ટ વોન્ટેડ છે.

એટલું જ નહીં, NIAએ તેનું નામ ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા પહેલગામ આતંકવાદી હુમલાના કાવતરાં સાથે પણ જોડ્યું છે. આ હુમલામાં પણ લશ્કર-એ-તૈયબાનું નામ સામે આવ્યું હતું. ભારત આ અંગે અનેક પુરાવા આપી ચૂક્યું છે, તેમ છતાં પાકિસ્તાને માત્ર હાફિઝ સઈદને આશરો જ નહીં, પરંતુ ત્યાં તેને સારો એવો આદર પણ મળે છે. પાકિસ્તાને હંમેશાં વિકાસને બદલે અન્ય દેશોને પરેશાન કરવાને પોતાની પ્રાથમિકતા બનાવી છે.

# બિહાર જેવો કાંડ હવે યુપીમાં પણ જોવા મળ્યો: પ્રેમી-પ્રેમિકાને રોકી છેડતી કરી, ૧૫૦૦ રુપિયા પણ લૂંટી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૨૫:** બિહારના જમુઈમાં હજુ થોડા દિવસ પહેલા જ પ્રેમી-પ્રેમિકાને અમુક યુવકોએ ઘેરીને છેડતી કરી હતી, જેનો વીડિયો પણ સામે આવ્યો હતો. હવે જમુઈ જેવી ઘટના ઉત્તર પ્રદેશના બદાયૂં જિલ્લામાંથી સામે આવી છે. હકીકતમાં જોઈએ તો બદાયૂંમાં પ્રેમી-પ્રેમિકાને ઘેરી છેડતી કરી મારપીટ કરી તેમના રૂપિયા લૂંટી લીધા. આ મામલામાં પોલીસે ૪ લોકો વિરુદ્ધ છેડતી, આઈટી એક્ટ સહિત ગંભીર ધારાઓમાં ફરિયાદ નોંધી લીધી છે. પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ ૩ યુવકોની ધરપકડ કરી છે. આ મામલો ૧૭ સપ્ટેમ્બરનો હોવાનું કહેવાય છે.

હકીકતમાં જોઈએ તો, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સ્કૂલેથી પરત ફરતી વખતે પ્રેમી-પ્રેમિકાને જંગલમાં પહોંચેલા ચાર યુવકોએ છેડતી કરતો વીડિયો બનાવ્યો હતો. વળી યુવકોએ પ્રેમી-પ્રેમિકામાંથી ૧૫૦૦ રૂપિયા પણ છીનવી લીધા. ઘટના બાદ પીડિતાએ આ ઘટનાને છુપાવી રાખી હતી. લોકલાજના ડરથી પિતાએ આ વાત કોઈને પણ કહી નહીં. ઘટના બાદ વીડિયોને છેડતી કરનારા યુવકોએ ફેલાવવાનું શરૂ કર્યું. આ વાતની જાણ પોલીસને થઈ ગઈ. ત્યારે પોલીસે આ ઘટનાની જાણકારી લેવા પીડિતા સાથે પૂછપરછ કરી અને પૂછપરછ બાદ ફરિયાદ નોંધી લીધી. વળી આ મામલામાં યુવકો પાસેથી વીડિયો લઈને પોલીસે ડિલીટ કરાવી દીધો છે. વળી ચોથો આરોપી જિતેશને પોલીસ શોધી રહી છે. જ્યારે અમુક અજાણ્યા લોકો પણ આ ઘટનામાં સામેલ હતા. આ મામલામાં પોલીસે ગુરુવારે ફરિયાદ નોંધતા સુગેન્દ્ર કુમાર યાદવ, બેચ જાટવ, છોટે જાટવની ધરપકડ કરી લીધી છે. જ્યારે ચોથો આરોપી જિતેશ હજુ પણ ફરાર છે. વળી અન્ય લોકો પણ આ ઘટનામાં સામેલ છે. જેમને પોલીસ શોધી રહી છે. ઘટનાસ્થળ પર એસએસપી બદાયૂ પહોંચ્યા. એસએસપીએ અન્ય આરોપીઓને પકડવાના આદેશ આપી દીધા છે.




# લાલબાગચા રાજાના મંડપમાં ગર્લફ્રેન્ડ સાથે દેખાયો ગોવિંદા

**“પ્રાણીઓને પ્રેમ કરો, મનુષ્યોને નહીં. માણસો દગાબાજ હોય છે. માણસને ગમે તેટલો પ્રેમ કરો કોઈ ફાયદો નથી, તે દગો જ આપે છે” : સુનિતા**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૫:** લાલબાગચા રાજાના મંડપમાં ગર્લફ્રેન્ડ સાથે દેખાયો ગોવિંદા, રાખી સાવંતે આપી ખાસ સલાહ. બોલિવૂડ અભિનેતા ગોવિંદાની અંગત જિંદગી હાલના દિવસોમાં ખૂબ જ ચર્ચામાં છે. ગોવિંદાનું નામ તેની કો-એક્ટ્રેસ કોમલ રાણી સ્વર્ણકાર સાથે જોડાઈ રહ્યું છે. બંને ટૂંક સમયમાં જ ફિલ્મ ‘રૂપા’માં સાથે જોવા મળશે.બોલિવૂડ અભિનેતા ગોવિંદાની અંગત જિંદગી હાલના દિવસોમાં ખૂબ જ ચર્ચામાં છે. ગોવિંદાનું નામ તેની કો-એક્ટ્રેસ કોમલ રાણી સ્વર્ણકાર સાથે જોડાઈ રહ્યું છે. બંને ટૂંક સમયમાં જ ફિલ્મ ‘રૂપા’માં સાથે જોવા મળશે. જોકે, ગોવિંદાની પત્ની સુનિતા આહૂજાએ ગોવિંદા પર અફેરનો આરોપ લગાવ્યો છે. આ બધી બાબતો વચ્ચે, વિતેલા દિવસે ગોવિંદા કોમલ રાણી સાથે લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચ્યો હતો. બંનેને ફરી એકવાર સાથે જોઈને ફેન્સ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા અને સુનીતા આહૂજાનો ગુસ્સો પણ ફૂટ્યો હતો. તો બીજી તરફ, હવે ગોવિંદા અને કોમલ રાણી પર રાખી સાવંતનો ગુસ્સો પણ સામે આવ્યો છે. રાખીએ કહ્યું છે કે સુનિતા તેને છોડશે નહીં.રાખી સાવંતે તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર બે Video શેર કર્યા છે, જેમાં રાખીએ ગોવિંદાનો ક્લાસ લગાવ્યો છે અને તેમને ફરીથી સુનિતા આહૂજા સાથે થઈ જવાની સલાહ આપી છે. પહેલા Videoમાં રાખી સાવંત કહી રહી છે, “અરે ગોવિંદાજી તમને શું થઈ ગયું છે? આટલા મોટા લાલબાગચા મંદિરમાં તમે રૂપા-કોમલ... કોણ છે તે? તેને લઈને ગયા. આ ખૂબ જ ખોટી વાત છે ગોવિંદાજી. તમારે તમારી પત્નીને સાથે લઈને જવું જોઈતું હતું, જેની સાથે તમે ૪૦ વર્ષ વિતાવ્યા છે. હું આજ સુધી તમારો સાથ આપતી હતી. ચીચી ભાઈ આ બહુ ખોટી વાત છે. તમે તો મારા આટલા સારા મિત્ર છો, પણ આ બહુ ખોટું છે. તમે સુનિતાજીને કેમ સાથે ન લઈ ગયા? પત્નીને સાથે લઈને જવાય. આમ અલગ-અલગ રહેવાનો કોઈ અર્થ નથી. તમે ગમે તે કરી લો, સુનીતાજી તમને એકલા નહીં છોડે. તમે હંમેશાં તેમની સાથે જ રહેશો. ઠીક છે... એક્ટ્રેસને બાજુ પર રાખો અને પત્નીનો સાથ આપો.” ઉલ્લેખનીય છે કે, અભિનેતા ગોવિંદા અને કોમલ રાણીના મુંબઈમાં આવેલા જાણીતા લાલબાગચા રાજાના પંડાલમાં સાથે જવા પર સુનિતા આહૂજાનો ગુસ્સો ફૂટ્યો હતો. સુનિતાએ ગોવિંદા પર પોતાનો ગુસ્સો કાઢ્યો હતો. સુનિતાએ પોતાના નિવેદનમાં કહ્યું હતું, “પ્રાણીઓને પ્રેમ કરો, મનુષ્યોને નહીં. માણસો દગાબાજ હોય છે. માણસને ગમે તેટલો પ્રેમ કરો કોઈ ફાયદો નથી, તે દગો જ આપે છે.” આ નિવેદનમાં સુનિતા આહૂજાએ કોઈનું નામ નહોતું લીધું.

## ૮૩ વર્ષની વયે દેશના બીજા સૌથી અમીર એક્ટર બન્યા અમિતાભ બચ્ચન!

(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૨૫

હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૬ જાહેર થઈ ચૂકી છે, જેના અનુસાર બોલિવૂડના ‘શહેનશાહ’ અમિતાભ બચ્ચન દેશના બીજા સૌથી અમીર અભિનેતા છે, જ્યારે પહેલા નંબર પર શાહરૂખ ખાન છે. રિપોર્ટ મુજબ, અમિતાભ બચ્ચનની નેટવર્થમાં પાછલા વર્ષની સરખામણીમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. ગત વર્ષે બિગ બીની નેટવર્થ ૧૬૩૦ કરોડ રૂપિયા હતી, જે વધીને આ વર્ષે ૪૦૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. એટલે કે એક જ વર્ષની અંદર તેમની નેટવર્થમાં ૧૪૫ ટકાનો મોટો ઉછાળો આવ્યો છે.હુરુનના રિપોર્ટ મુજબ, અમિતાભ બચ્ચનની નેટવર્થમાં વધારો તેમના ફેમિલી ઓફિસ દ્વારા કરાયેલા રોકાણો, રિયલ એસ્ટેટ હોલ્ડિંગ્સ તેમજ ફિલ્મો અને પ્રખ્યાત ક્વિઝ શો ‘કૌન બનેગા કરોડપતિ’ની ફીઝને કારણે થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બિગ બી દરેક ફિલ્મ માટે આશરે ૧૦થી ૧૨ કરોડ રૂપિયા ચાર્જ કરે છે, જ્યારે વિવિધ બ્રાન્ડ્સના એન્ડોર્સમેન્ટ માટે તેઓ ૫થી ૮ કરોડ રૂપિયા લે છે. આ ઉપરાંત, નાના પડદા પર પ્રસારિત થતા લોકપ્રિય શો KBCના એક જ સિઝનથી તેઓ આશરે ૪૦થી ૫૦ કરોડ રૂપિયા કમાય છે અને હાલમાં તેઓ KBCની ૧૭મી સિઝન હોસ્ટ કરી રહ્યા છે.૮૩ વર્ષીય અભિનેતાએ મોટી કોર્પોરેટ કંપનીઓ અને ઝડપથી વિકસતા ટેક સ્ટાર્ટઅપ્સના વિવિધ પોર્ટફોલિયોમાં ભારે રોકાણ કર્યું છે. પાછલા વર્ષ દરમિયાન પ્રાઈવેટ અને ઈક્વિટી માર્કેટમાં વેલ્યુએશનમાં થયેલા ભારે વધારાને કારણે તેમની હોલ્ડિંગ્સ અનેકગણી વધી ગઈ છે. આ સિવાય, તેઓ પ્રીમિયમ ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ મોટા રોકાણકાર છે અને રેસિડેન્શિયલ તથા કમર્શિયલ સેક્ટરમાં પ્રોપર્ટીઝ ખરીદીને પોતાની કુલ સંપત્તિમાં વધારો કર્યો છે.એશિયન કમ્યુનિટીમાં જોડાઓ



# અભિનેત્રી કનિકા માને કોસ્મેટિક સર્જરી કરાવી હતી?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**


આજકાલ બિગ બોસ ૨૦ ના ઘરમાં ખોરાકની સાથે, સ્પર્ધકો વચ્ચેની વાતચીત પણ હેડલાઈન્સમાં છે. શોના એપિસોડમાં, અમન ગાંધીએ કનિકા માનના દેખાવ અને ચહેરાના હાવભાવ વિશે ટિપ્પણીઓ કરી હતી, જેનાથી તેની કોસ્મેટિક સર્જરી વિશે ચર્ચા શરૂ થઈ હતી. જો કે, કનિકા માને આ વાતની પુષ્ટિ કરી નથી. આ એપિસોડમાં, અમન ગાંધી ઘરના કેટલાક સભ્યો સાથે કનિકા માનના ચહેરાના હાવભાવ વિશે ચર્ચા કરતા જોવા મળ્યા હતા. અમન કહે છે કે કનિકાનો ચહેરો બહુ બદલાતો નથી અને તેના હોઠ બહુ હાલતા નથી. પછી વાતચીત કનિકા દ્વારા કથિત કોસ્મેટિક સર્જરી તરફ વળી. તેમણે તેની ચિન સર્જરીનો ઉલ્લેખ કર્યો. તેમણે એવું પણ અનુમાન લગાવ્યું કે આ જ કારણ હોઈ શકે છે કે કનિકાના ચહેરાના હાવભાવ તેના જેવા દેખાય છે.કનિકાની સર્જરી અંગે કોઈ પુષ્ટિ નથી. એ ઉલ્લેખનીય છે કે શોમાં અમન ગાંધીએ જે કહ્યું તે તેમનો દાવો અને વ્યક્તિગત અટકળો હતી. અહેવાલો કનિકા માને કોઈ કોસ્મેટિક સર્જરી કરાવી હોવાની પુષ્ટિ કરતા નથી. આ વાતચીત રાશન ટાસ્ક દરમિયાન શરૂ થઈ હતી. હકીકતમાં, ‘બિગ બોસ ૨૦’ ના ૧૩મા એપિસોડમાં રાશન અંગે ઘરમાં ઘણું નાટક જોવા મળ્યું. બિગ બોસે કેપ્ટન ગુલ્લુને કન્ફેશન રૂમમાં બોલાવ્યા અને તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા. પછીથી, ઘરના સભ્યોને તેમના જવાબોનો અંદાજ લગાવવાનું કામ સોંપવામાં આવ્યું. ટાસ્કમાં ઘરના નકારાત્મક સ્કોરને કારણે, આ અઠવાડિયે સ્પર્ધકોને રેશન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આ જ એપિસોડમાં, માહી વિજ અને મેરી કોમ વચ્ચે યોગદાન અને સન્માન અંગે પણ ગરમાગરમ ચર્ચા થઈ હતી. રાશન ટાસ્ક તરીકે જે શરૂ થયું હતું, તે અનેક વિવાદોમાં પરિણમ્યું.



# મૃણાલ ઠાકુર અને હુમા કુરેશીની ફિલ્મ ‘પૂજા મેરી જાન’નું ટ્રેલર રિલીઝ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૫:** મૃણાલ ઠાકુર અને હુમા કુરેશી સ્ટારર ફિલ્મ ‘પૂજા મેરી જાન’નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. મેડૉક ફિલ્મના બેનર હેઠળ દિનેશ વિજન અને અમર કૌશિક દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલી આ ફિલ્મમાં એકતરફી પ્રેમ, દિલ તૂટવા અને ત્યાર બાદ સર્જાતી ખૌફનાક પરિસ્થિતિઓની સ્ટોરી દર્શાવવામાં આવી છે. ફિલ્મમાં એક એવી અજાણતા થયેલી ભૂલની સજા બતાવવામાં આવી છે, જેના વિશે વિચારીને પણ રૂંવાડાં ઊભાં થઈ જાય. મૃણાલ ઠાકુર અને હુમા કુરેશીની આ ફિલ્મ ‘પૂજા મેરી જાન’ ઓક્ટોબરમાં ઓટીટી પર રિલીઝ થશે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે જે દર્શકોને ખૂબ પસંદ આવી રહ્યું છે. ૨ મિનિટ ૧૮ સેકન્ડના ટ્રેલરમાં પૂજા એટલે કે મૃણાલ ઠાકુરના પાત્રની જિંદગીમાં ત્યારે તોફાન આવે છે, જ્યારે અનિકેત શ્રીવાસ્તવ




તેના પ્રેમમાં પડે છે. અનિકેત પૂજા સામે પોતાના પ્રેમનો એકરાર કરે છે, પરંતુ પૂજા તેના રોમેન્ટિક પ્રપોઝલને ઠુકરાવી દે છે. ત્યાર બાદ અનિકેત એવું પગલું ભરે છે, જેનાથી પૂજાની જિંદગી સંપૂર્ણપણે બદલાઈ જાય છે. ટ્રેલરમાં એકતરફી પ્રેમ, અસ્વીકાર બાદ જન્મેલા ગુસ્સા અને તેના ગંભીર પરિણામોની ઝલક જોવા મળે છે.આ ઘટના બાદ પૂજા પર અનેક પ્રકારના આરોપો લગાવવામાં આવે છે અને તેની આસપાસ શંકાનું એવું જાળું બિછાવે છે, જેમાંથી બહાર નીકળવું તેના માટે મુશ્કેલ બની જાય છે. હવે પૂજાએ પોતાને નિર્દોષ સાબિત કરવાનું છે. આ મુશ્કેલ સમયમાં વકીલ સના તેનો સાથ આપે છે. સનાનું પાત્ર હુમા કુરેશીએ ભજવ્યું છે. ટ્રેલર પરથી સ્પષ્ટ થાય છે કે પૂજા માટે પોતાના પર લાગેલા આરોપોમાંથી બહાર નીકળવું સરળ નહીં હોય.ટ્રેલરમાં પૂજાના પાત્ર સાથે જોડાયેલા કેટલાક એવા સસ્પેન્સ પણ જોવા મળે છે, જે કહાનીને એક અલગ જ વળાંક આપે છે. આખરે પૂજા સાથે ખરેખર શું થયું અને તેની પાછળનું સત્ય શું છે, તેનો ખુલાસો ફિલ્મ જોયા બાદ જ થશે. ‘પૂજા મેરી જાન’ની જાહેરાત વર્ષ ૨૦૨૨માં કરવામાં આવી હતી અને હવે લગભગ ચાર વર્ષના લાંબા ઈંતજાર બાદ આ ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મ બીજી ઓક્ટોબર ૨૦૨૬થી ઓટીટી પર સ્ટ્રીમ થશે. ફિલ્મનું દિગ્દર્શન નવજોત ગુલાટીએ કર્યું છે. ફિલ્મમાં મૃણાલ ઠાકુર, હુમા કુરેશી અને વિક્રમ સિંહ ચૌહાણ ઉપરાંત વિજય રાજ, ચૈતન્ય વ્યાસ સહિતના અન્ય કલાકારો પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

# વાપી ડુંગરી ફળીયામાં વૃદ્ધાને બંધક બનાવી ૬.૯૮ લાખના દાગીનાની લૂંટનો ભેદ ઉકેલાયો: બે રિક્ષાચાલક ઝડપાયા

**પોલીસે માત્ર ૨૪ કલાકમાં ગુનાનો ભેદ ઉકેલ્યો : રાજેશ શુક્લ રહે. સેલવાસ અને વિજય પાલ રહે. સુલપડ પાસેથી લૂંટના દાગીના રિકવર કરાયા**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વાપી ડુંગરા ડુંગરી ફળીયા કોળીવાડમાં ગત તા.૨૩મીએ મળસ્કે ઘરમાં રહેતી ૭૫ વર્ષિય વૃદ્ધાને બંધક બનાવ બે અજાણ્યા ૬.૯૮ લાખના સોનાના ઘરેણાંની લૂંટ કરીને ફરાર થઈ ગયાના બનેલા બનાવે ચકચાર મચાવી હતી.

ડુંગરી ફળિયા કોળીવાડ વિસ્તારમાં રહેતા નાનીબેનના ઘરે ભાડેથી મકાન લેવા પુછપરછ કરી ઘરમાં બે ઈસમો પ્રવેશયા હતા. પરંતુ વૃદ્ધાના દાગીના ઉપર નજર પડતા દાનત બગાડી વૃદ્ધાને બંધ બનાવી કાનની બુટ્ટી, સોનાની બંગડી, ચેન મળી કુલ ૬.૨૫ લાખના દાગીના લૂંટી ફરાર થઈ ગયા હતા. ઘટના અંગે પીડીતા વૃદ્ધાના પુત્ર મહેશભાઈએ ફરિયાદ નોંધાવી હતી. મહિના અગાઉ આરોપીઓ ભાડે રૂમ લેવા આવેલા હતા. ડુંગરા પોલીસે તથા એલ.સી.બી.એ તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન રિસોર્સના આધારે માત્ર ૨૭ કલાકમાંજ પોલીસે લૂંટ કરનાર બે રીક્ષા ચાલકોને ઝડપી લીધા હતા. હેડ કોન્સ્ટેબલ સમ્રાટભાઈને મળેલી બાતમી આધારે સેલવાસ, દાદરા, વાઘધરા સ્કૂલ ફળિયામાં રહેતા ૪૫ વર્ષિય રાજેશ અશોકભાઈ શુક્લા અને વાપી સુલપડમાં રહેતો ૨૧ વર્ષિય વિજય વાસુદેવ પાલને ઝડપી પાડ્યા હતા. બન્ને આરોપી મૂળ ઉત્તર પ્રદેશના હોવાનું બહાર આવ્યું હતું. આરોપીઓ ગુનાની કબૂલાત કરી હતી કે રીક્ષા દુર મુકીને વૃદ્ધાના ઘરે ગયા હતા. આરોપી પાસેથી ૫,૭૬,૨૫૦ રૂા.ના ઘરેણાં, ૨૧૬૦ રૂા. રોકડા અને ૨૦ હજારના બે મોબાઈલ મળી પોલીસે ૬.૯૮,૪૧૦ રૂપિયાનો મુદ્દામાલ સાથે જીજે ૧૫ એડબલ્યુ ૭૯૨૧ નંબરની રીક્ષા પણ ડિટેઈન કરી હતી.

# વાપીના છીરીમાં કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા આંગણ મિલન સેવા કાર્યક્રમનો શુભારંભ કરાયો

**પ્રશંસનીય સેવા બજાવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવી: મંત્રીએ લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કરી બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યું**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વિકસિત ભારત-જન સેવા અભિયાન અંતર્ગત આંગણ મિલન સેવા કાર્યક્રમનો રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈનાં વરદ હસ્તે છીરી ખાતે આવેલા રામનગરની આંગણવાડી કેન્દ્રથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ છીરીની રામનગર આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કરી બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યું હતું. બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓ કરવવામાં આવી હતી. પ્રશંસનીય સેવા બજાવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વાપી મનપાના ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન સતીષભાઈ પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષ દેસાઈ, વાપી મનપાના પ્રભારી ભરત જાદવ, છીરીના માજી સરપંચ નુરૂભાઈ ચૌધરી, મ્યુનિસીપલ ડેપ્યુટી કમિશનર કિરણસિંહ રાણા અને વાપી મનપાના આઈસીડીએસ વિભાગના પ્રોગામ ઓફિસર નિલમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી ગુંજન જનસંપર્ક કાર્યાલય ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ ઉજવાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

આજરોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની ૧૧૦મી જન્મજયંતિ નિમિત્તે વાપી ખાતે મારા જનસંપર્ક કાર્યાલય પર બુથ નંબર ૧૯૨ અને ૧૯૩ના સંયુક્ત ઉપક્રમે આયોજિત પુષ્પાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પંડિતજીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા.

અંત્યોદયના વિચારને કેન્દ્રમાં રાખી રાષ્ટ્રસેવા અને સંગઠનને સમર્પિત પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનું જીવન અને કાર્ય આપણા સૌમાટે સદૈવ પ્રેરણારૂપ છે. તેમના રાષ્ટ્રભાવના, સેવા અને સમર્પણના વિચારોને આત્મસાત કરી જનસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો આ અવસર છે.

આ પ્રસંગે વાપી શહેર ભાજપના હોદ્દેદારો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, બુથ પ્રમુખશ્રીઓ, સમિતિ સભ્યો તથા કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી આર.કે.દેસાઈ અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં કોલર ટેકનિક અંગે લાઈવ ડેમો સેશન યોજાયું







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વાપી, તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ આર.કે.દેસાઈ અંગ્રેજી માધ્યમ સ્કૂલ, વાપી ખાતે કોલર ટેકનિક અંગે લાઈવ ડેમો સેશનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ આપત્તિકાલીન પરિસ્થિતિમાં કોલર ટેકનિકના મહત્વ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવા તથા તેમને તેની પ્રાયોગિક સમજ આપવાનો હતો. આ કાર્યક્રમનું આયોજન ડૉ.કવિતા અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ મિલેનિયમ હોસ્પિટલ, વાપી ખાતે એમબીબીએસ ડૉક્ટર તરીકે સેવા આપી રહ્યા છે તેમજ રોટરી ક્લબ ઓફ વાપીના સક્રિય સભ્ય છે.

ડૉ.અગ્રવાલે વિદ્યાર્થીઓને કોલર ટેકનિકની જરૂરિયાત, ઉપયોગિતા અને આપત્તિકાળ દરમિયાન તેની અસરકારક અમલવારી અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે લાઈવ ડેમો દ્વારા વિવિધ પરિસ્થિતિઓમાં આ ટેકનિકનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની પ્રાયોગિક રજૂઆત કરવામાં આવી હતી.

શાળાના ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ સેશનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ પણ આપવામાં આવ્યું, જેના પરિણામે તેમને કોલર ટેકનિકનો પ્રત્યક્ષ અને પ્રાયોગિક અનુભવ પ્રાપ્ત થયો. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં આપત્તિકાલીન પરિસ્થિતિમાં યોગ્ય પ્રતિભાવ આપવા અંગે આત્મવિશ્વાસ અને જાગૃતિ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ સમગ્ર કાર્યક્રમ શાળાની પ્રિન્સિપાલ શ્રીમતી રચના સિન્હાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાના પ્રશ્નો પૂછ્યા અને ડૉ.અગ્રવાલ પાસેથી જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ માહિતીસભર અને પ્રાયોગિક સેશન બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ સુંદર અને જ્ઞાનવર્ધક કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના ચેરમેનશ્રી મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહએ સમગ્ર આયોજન ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# વાપી એસ.ટી.ડેપોમાં માર્ગ સલામતી જાગૃતિ સેમિનાર યોજાયો: કર્મચારીઓને માર્ગદર્શન અપાયું







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વાપી એસ.ટી. ડેપો ખાતે બુધવારે માર્ગ સલામતી અને અકસ્માત નિવારણ અંગે મહત્વપૂર્ણ સેમિનારનું તા.૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ બુધવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગીય નિયામક શ્રી માતૃજાના અધ્યક્ષસ્થાને યોજાયેલા સેમિનારમાં એસ.ટી.વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિકલ સ્ટાફ, ટ્રાફિક કંટ્રોલર તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિનારમાં વિભાગીય યાંત્રિક ઈજનેર શ્રી સિંધીએ એસ.ટી. બસોના ડીઝલ વપરાશમાં ઘટાડો કરવા તેમજ વાહનના કાર્યક્ષમ સંચાલન અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ઈન્ચાર્જ ડેપો મેનેજર શ્રી કિશોર પરમાર સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ સેમિનારમાં ભાગ લીધો હતો.

જે.આર.મોટર્સના માલિક અને મુખ્ય વક્તા શ્રી અશોકભાઈ ઠાકોરે ડ્રાઈવર ભાઈઓને અકસ્માતો નિવારવા માટે કઈ પ્રકારની ડ્રાઈવિંગ હેબિટ અપનાવવી અને કઈ હેબિટના કારણે અકસ્માતની શક્યતા વધે છે તે અંગે વિસ્તૃત અને વ્યવહારૂ માહિતી આપી હતી. તેમણે ડ્રાઈવિંગ દરમિયાન સાવચેતી, સમયસર નિર્ણય અને વાહન પર નિયંત્રણ જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

રોડ અકસ્માત સર્વેયર અભિનવ ઠાકોરે હાલમાં એસ.ટી.વિભાગમાં કાર્યરત BS-6 બસોની ટેકનિકલ કામગીરી અને જાળવણી અંગે વિગતવાર માહિતી આપી હતી. બસોમાં આવતી વિવિધ ટેકનિકલ ખામીઓ, સંબંધિત પાર્ટ્સની કામગીરી તથા ખામી જણાય ત્યારે તેને યોગ્ય રીતે ઓળખી અને રિપેર કરવાની પ્રક્રિયા અંગે તેમણે માર્ગદર્શન આપ્યું હતું. અકસ્માત નિવારણ માટે જરૂરી ટેકનિકલ સાવચેતી અંગે પણ તેમણે મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

સેમિનાર દરમિયાન અધિકારીઓ અને નિષ્ણાતોએ માર્ગ સલામતીને માત્ર નિયમ નહીં પરંતુ રોજિંદી ડ્રાઈવિંગની જવાબદારી અને ટેવનો ભાગ બનાવવા કર્મચારીઓને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના અંતે વલસાડ એસ.ટી. કર્મચારી મંડળના મહામંત્રી શ્રી ધનસુખ પટેલે ઉપસ્થિત તમામ મહેમાનો, અધિકારીઓ, કર્મચારીઓ અને માર્ગદર્શકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં પીએમ કરવા માટે વધુ બે કર્મચારીની નિમણુંક કરવા માંગ ઉઠી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

ધરમપુર ખાતે આવેલ સ્ટેટ હોસ્પિટલમાં PM (પોસ્ટ મોર્ટમ) કરવા માટે કાયમી બે વ્યક્તિની નિમણુંક કરવા બાબતે આજરોજ તા.૨૫/૦૯/૨૦૨૬ના દિને પ્રાંત અધિકારી શ્રી ધરમપુરને રજૂઆત કરવામાં આવી છે.

ધરમપુર ખાતે આવેલ હોસ્પિટલમાં હાલે હંગામી ધોરણે એક વ્યક્તિ છે અને જ્યારે પણ મૃત્યુના બનાવો બનતા હોય છે ત્યારે પોસ્ટ મોર્ટમ કરવાની જરૂર હોય ત્યારે પી.એમ કરવા માટે માણસને શોધવા પડે છે કારણ કે એ હંગામી ધોરણે હોય અને પી.એમ. કરવામાં પણ વિલંબ થાય છે જેથી વહેલામાં વહેલી તકે પી.એમ કરવા માટે હાલે જે એક વ્યક્તિ હંગામી ધોરણે હોય એને કાયમી કરવામાં આવે અને સાથે એક બીજી વ્યક્તિ પણ નિમણૂક કરવામાં આવેની માંગ કરવામાં આવી અને જો આ બાબતે પહેલી તકે નિરાકરણ ન કરવામાં આવ્યું તો આગામી દિવસમાં લોકહીતને ધ્યાનમાં રાખીને ઉપવાસ પર બેસવાની ફરજ પડશેની વાત કરવામાં આવી હતી.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**રાજ્યના નાણા મંત્રી...**

જેના કારણે સરકારી યોજનાકીય લાભ મેળવવા હોય તો મને ઘણી તકલીફ પડતી હતી. મારી પાસે માત્ર ઝેરોક્ષ કોપી હતી. જેના આધારે મને આજે સેવાસેતૂ કાર્યક્રમમાં નવો જન્મનો દાખલો મળી ગયો હતો. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનું છું.

છીરીના કંચનનગરમાં રહેતા સુમનબેને જણાવ્યું કે, મારી દીકરીના લગ્ન થયા બાદ તેના લગ્નનું પ્રમાણપત્ર મેળવવા માટે છીરી મનપાના જનસેવા કેન્દ્રમાં અરજી કરી હતી. આજે સેવાસેતૂ કાર્યક્રમમાં મને હાથો હાથ મારી દીકરીનું લગ્નનું પ્રમાણપત્ર મળી ગયું હતું. જે બદલ હું સરકારનો આભાર માનુ છું.

વાપીના છીરીમાં રહેતા આશિષભાઈ એ જણાવ્યું કે, મારો મોબાઈલ નંબર આધાર કાર્ડ સાથે લીંક કરાવવાનો હતો. જે કામ ઘણા દિવસથી બાકી હતું. પરંતુ આજે અમારા વિસ્તારમાં જ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન થવા અંગે જાણ થતા હું અહીં આવ્યો હતો અને તરત જ મારુ કામ થઈ ગયુ છે જે બદલ સરકારનો આભાર માનું છું.

આ રીતે સાતબાર/આઠ-એના પ્રમાણપત્રો, પ્રોપર્ટી ટેક્ષ, ઉંમરનો દાખલો, જાતિ પ્રમાણ પત્ર, નવા વીજ જોડાણ કનેકશન, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, પીએમ સ્વનિધિ યોજના સહિતની વિવિધ યોજનાનો કુલ ૧૨૨૭ લોકોએ લાભ લઈ ખુશી વ્યક્ત કરી હતી.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**વાપીમાં હત્યાના...**

સાથે જ સાક્ષીઓ કે પુરાવા સાથે છેડછાડ ન કરવી, કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ ન થવુ, ગુજરાત બહાર જવા માટે કોર્ટની મંજૂરી લેવી તેમજ છ મહિના સુધી દર મહિને સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી આપવાની શરતો મૂકવામાં આવી છે. ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી ટ્રાયલમાં હાજરી આપવા સિવાય વાપી ટાઉનમાં પ્રવેશ ન કરવાની પણ શરત મૂકવામાં આવી છે.

આ હુકમ ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી એમ.આર.મેંગડે દ્વારા તા.૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યો હતો.


વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સુરેશ ઉમતીયા: 98259 89444



કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

દમણ જિલ્લાના વિવિધ સ્થળોએ અન્ય સહાયક સાધનો સાથે મોટર પંપ સેટના પુરવઠા અને સ્થાપન અંગે. (E-47687)

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4977_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 29/09/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 29/09/2026
બિડ ખોલવાની તારીખ : 29/09/2026

For details please scan https://ddtenders.gov.in

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/529, Dated: 25/09/2026



TORRENT POWER | DNHDD


**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૬-૦૯-૨૦૨૬ (શનિવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યા સુધી (૨૪ કલાક) | ૬૬/૧૧ કેવી દલવાડા | ૧૧ કેવી રાધે | દમણ ઈન્ડ. એસ્ટેટ-કડૈયા, ભારત ઈન્ડ. એસ્ટેટ, દમણ રોટો, એલિટ ઈન્ડ. |
| ૨૭-૦૯-૨૦૨૬ (રવિવાર) સવારે ૦૯:૦૦ વાગ્યાથી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી (૦૩ કલાક) | ૬૬/૧૧ કેવી ડાભેલ | ૧૧ કેવી પોલીઓલ | ટેકફેબ ઈન્ડ. |
| | | ૧૧ કેવી પ્રિસીઝન | પ્રિસીઝન પ્લાસ્ટિક ઈન્ડ. |
| | | ૧૧ કેવી યુનીફાઈ | ભીમ પોલિફેબ ઈન્ડ. |
| | | ૧૧ કેવી ક્રિષ્ના | ફકીર ફળિયા, કુંભાર ફળિયા, તલાવ ફળિયા, આમરણ ફળિયા, ઘેલવાડ ફળિયા, વાપી-દમણ મેઈન રોડ, આમલિયા ફળિયા, પુનિયા ફળિયા |
| | | ૧૧ કેવી યુએસવી | યુએસવી પ્રા.લિ. |
| | | ૧૧ કેવી ઓલિવ | ઓલિવ હેલ્થ કેર, સુપર ટેક્સ વૂમન ઈન્ડ. |
| | | ૬૬ કેવી અલ્કેમ | અલ્કેમ ઈન્ડ. |

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com



MAHATMA GANDHI MEMORIAL EDUCATION SOCIETY'S
SARVAJANIK VIDYALAYA, DAMAN

**REQUIREMENT**

Applications are invited for filling up the below-mentioned Grant-in-Aid Posts by Direct Recruitment on Regular Basis, but entitlement of salary Grant from the UT Administration shall be as per the Performance Based Grant-in-Aid Policy of School Education.

| Sr. No. | Name of Post | Subject | Medium | No. of Post |
|---|---|---|---|---|
| 1 | POST GRADUATE TEACHER | Account / Commerce | English | 1 |
| 2 | POST GRADUATE TEACHER | Biology | Gujarati | 1 |

APPLICATION DETAILS
Prescribed format of the above application is available on the wel
Application has to be filled in the prescribed format only, otherwise it

FOR FURTHER DETAILS, PL
1. https://ddd.gov.in
2. QR Code

Scan & Visit

No. SVD/HSS/ADVRT/2026-27/103
Date: 22.9.2026

President
Jignesh Jogui

No. IP/DMN/2/5/2026-27/533, Dated: 25/09/2026



કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

નાની દમણના નમો પથ ખાતે સમુદ્રનારાયણ મંદિરથી દેવકા બીચ સુધીની પાર્કિંટ લાઈટ્સ અને એલિમેન્ટ્સ લાઈટ્સ (ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટ્સ) માટે ૧ વર્ષના સમયગાળાના વ્યાપક વાર્ષિક જાળવણી કરાર અંગે. (E-47713)

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4982_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 30/09/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 30/09/2026
બિડ ખોલવાની તારીખ : 30/09/2026

For details please scan https://ddtenders.gov.in

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/532, Dated: 25/09/2026



કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

મોટી દમણ ખાતે કિલ્લાની દીવાલની આસપાસ લગાવવામાં આવેલી અપ-લાઈટર ફલડ લાઈટ્સના સમારકામ અને જાળવણી અંગે. (E-47660)

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4983_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 30/09/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 30/09/2026
બિડ ખોલવાની તારીખ : 30/09/2026

For details please scan https://ddtenders.gov.in

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/531, Dated: 25/09/2026



કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

દમણના ડાભેલ અને મગરવાડા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે સ્ટ્રક્ચર અને અન્ય સહાયક સાધનો સાથે ચેઈન પુલી બ્લોકના પુરવઠા અને સ્થાપના અંગે. (E-47701)

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4980_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 29/09/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 29/09/2026
બિડ ખોલવાની તારીખ : 29/09/2026

For details please scan https://ddtenders.gov.in

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/530, Dated: 25/09/2026


વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી સહિત જિલ્લાભરમાં આસ્થા, ઉમંગ અને ઉત્સાહના સંગમ સાથે ઠેર ઠેર ગણેશજીની વિસર્જન યાત્રા યોજાઈ

**અગલે બરસ લૌકરિયાના જયઘોષ, ભજન મંડળી ઢોલ, ત્રાસા, ડી.જે.ની સંગીત શરવાણી સાથે વિસર્જન યાત્રા યોજાઈ**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વલસાડ જિલ્લામાં ગણેશ ચતુર્થિના શુભ દિનથી ભવ્ય ગણેશ મહોત્સવનો પ્રારંભ થયો હતો. આજે અનંત ચૌદશના દિવસે જિલ્લાભરમાં વિશાળ ગણેશજીની વિસર્જન યાત્રાઓ યોજાઈ હતી. અગલે બરસ લૌકરિયાના જય ઘોષ, ભજન મંડળો, ગણેશ મંડળો, ઢોલ, ત્રાસ, મોટા ડી.જે.ની સંગીત સાથે આસ્થા ઉમંગ ઉત્સાહના સંગમ સાથે ઠેર ઠેર ભવ્ય વિસર્જનયાત્રાઓ યોજાઈ હતી.

ભારતવર્ષમાં નવરાત્રી ગણેશઉત્સવ આ બન્ને તહેવારો લાંબા અને મહિમાવંતા છે. ૨૦૨૬નો ગણેશોત્સવ અનેક સ્મરણો સાથે યાદગાર બની રહ્યો છે.

વિવિધ ગણેશ મંડળો દ્વારા અદ્ભૂત થીમ, ડેકોરેશન, લાઈટીંગ સાથે સમગ્ર જિલ્લામાં એક હજાર ઉપરાંત પંડાલોની સ્થાપના કરવામાં આવી હતી. ધાર્મિક સંદેશ, ટેક્નોલોજી કળાનો વિવિધ નઝારો ગણેશ મંડળોના પંડાલોમાં જોવા મળ્યો હતો. આ વર્ષ ૧૨ દિવસીય ગણેશમહોત્સવ રહ્યો હતો. લોકો સવાર સાંજ શ્રીજી દાદાની આરતી પૂજા કરી ભાવિકો ધન્યતા અનુભવતા રહ્યા હતા. આજે અનંત ચૌદશના દિવસે ભાવિકોએ ભારે હૈયા સાથે અશ્રુભીની આંખે વિદાય આપી હતી.

તમામ શહેરના જાહેર રોડ, ગણેશ વિસર્જન યાત્રાઓથી ખીચોખીચ ભરાઈ ગયા હતા. ઓવારાઓમાં શ્રીજીની મૂર્તિઓને વિસર્જન કરાઈ હતી. ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ગણેશોત્સવની આજે પુર્ણાહુતી થઈ હતી.

# રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વાપીના છીરીમાં સેવાસેતૂ કાર્યક્રમ યોજાયો: ૧૨૨૭ અરજીનો હકારાત્મક નિકાલ

**મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ સેવાસેતૂમાં વિવિધ કચેરીના કાઉન્ટર પર જઈ કર્મચારીઓ અને અરજદારો સાથે સંવાદ કર્યો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

પ્રજાના લાગણી, માગણી અને અપેક્ષા પૂર્ણ કરવા પારદર્શી પ્રશાસન માટે પ્રતિબધ્ધ રાજ્ય સરકાર દ્વારા સરકાર તમારા દ્વારે વિચાર સાથે સેવાસેતૂ કાર્યક્રમનું ગામે ગામ અને શહેરોમાં આયોજન થઈ રહ્યું છે જેના ભાગરૂપે શુક્રવારે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને વાપી મહાનગરપાલિકા દ્વારા છીરી ખાતે સેવાસેતૂ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૨૭ જેટલી અરજીનો હકારાત્મક નિકાલ કરાતા અરજદારોએ સરકારનો આભાર માન્યો હતો.

પોતાના જ ગામમાં કે શહેરમાં એક જ છત નીચે નાગરિકોને સરકારની વિવિધ યોજના અને સેવાનો લાભ મળી રહે જેથી તેઓએ તાલુકા કે જિલ્લા મથક સુધીની કચેરીમાં લંબાવું ન પડે અને તેમની અરજીનો ઝડપી નિકાલ થાય તે માટે વાપી મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલા છીરી ખાતે સેવાસેતૂ કાર્યક્રમ યોજાયો હતો. જેની રાજ્યના નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ મુલાકાત લીધી હતી. આ દરમિયાન મંત્રીશ્રીએ વિવિધ કચેરીના સેવા કાઉન્ટર પાસે જઈ અધિકારી/કર્મચારીઓ દ્વારા શું સેવા અપાઈ રહી છે અને તેનો લાભ નાગરિકોને મળી રહ્યો છે કે કેમ અંગે લોકો સાથે ચર્ચા કરી સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

સ્થળ પર સેવા સેતૂ કાર્યક્રમનો લાભ મેળવનાર લાભાર્થી કાજલ વિનય ગુપ્તાએ જણાવ્યું કે, સેવાસેતૂ કાર્યક્રમનું આયોજન મારા ઘર નજીક થયું હોવાનું જાણવા મળતા હું અહીં આવી હતી અને મારા દીકરાનો જન્મનો દાખલો માત્ર ૧૦ મીનિટમાં જ મળી ગયો હતો. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનુ છું.

લાભાર્થી મહમંદ અયુબ અંસારીએ જણાવ્યું કે, મારો ઓરિજનલ જન્મનો દાખલો ખોવાઈ ગયો હતો.

-વધુ પેજ નં.૭ પર

# પારડી હાઈવે વલ્લભ આશ્રમ સ્કૂલ સામે ગોઝારો અકસ્માત: સાસુ-વહુના ઘટના સ્થળે કરૂણ મોત



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વલસાડ તાલુકાના ચણવઈ ગામના દેસાઈવાડ ખાતે રહેતા ચેતનાબેન રાકેશભાઈ મૈસુરિયા અને શારદાબેન રમણભાઈ મૈસુરિયા બંને સાસુ વહુ પોતાની સુઝુકી એક્સેસ મોપેડ નં. જીજે-૧૫-ડીએફ-૬૨૧૩ લઈ પારડી કામ અર્થે આવ્યા હતા પારડીથી કામકાજ પતાવી પરત ઘરે ચણવાઈ ફરતી સમયે આશરે સાંજે ૫:૦૦ વાગ્યાના આસપાસ વાપીથી વલસાડ જવાના હાઈવે પર વલ્લભ આશ્રમ સ્કૂલ ગેટ સામે હાઈવે રોડ પર કોઈ અજાણ્યો વાહન ચાલક મોપેડ સવાર બંને સાસુ વહુને ટક્કર મારી ભાગી છુટ્યો હતો.

આ અજાણ્યા વાહન ચાલકની ટક્કર એટલી જોરદાર હતી કે બંને સાસુ વહુ હાઈવે પર પટકાઈ હતી અને એમના શરીરના તમામ અંગો છૂટા પડી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી વાય બી ગોહિલ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને હાઈવે પરનો એક સાઈડનો હાઈવે બંધ કરી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

ઘટના સ્થળેથી મળેલ મોબાઈલને લઈ મોબાઈલ દ્વારા આ બંને મહિલાઓ સાસુ વહુ હોય અને પારડી નજીકમાં જ આવેલ અતુલના ચણવઈ ખાતે રહેતા હોવાનું બહાર આવ્યું હતું. થોડા જ સમયમાં એમના સગા સંબંધીઓ ઘટના સ્થળે દોડી આવતા કરૂણા ભર્યા દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની કરૂણીતા એટલી ખરાબ હતી કે હાઈવે સફાઈ માટે ફાયર વાહન બોલાવી પાણી વડે હાઈવેની સફાઈ કરવી પડી હતી. પારડી અને વલસાડથી આવેલ સબવાહિનીઓ દ્વારા બંને સાસુ વહુને પીએમ માટે પારડી સીએચસી ખાતે લઈ જઈ આ અજાણ્યા વાહનને ઝડપી પાડવાના ચક્રો હાથ ધરવામાં આવ્યા છે.

# વાપીમાં હત્યાના કેસમાં હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના કેસમાં આરોપી શંકરભાઈ સોમાભાઈ પટેલની નિયમિત જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે મંજૂર કરી છે. આરોપી તરફથી હાઈકોર્ટના એડવોકેટ પ્રમોદકુમાર સી. ગહેલોતે રજૂ કરેલી દલીલો તેમજ કેસના સંજોગોને ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપીને શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

એફઆઈઆર નં. ૧૧૨૦૦૦૪૮૨૪૧૮૯૦/૨૦૨૪ના આ કેસમાં આરોપીની જુલાઈ ૨૦૨૪માં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તે જેલમાં હતો. કેસની તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ દાખલ થઈ ચૂકી હોવા છતાં ટ્રાયલ દરમિયાન હજુ સુધી એકપણ સાક્ષીની તપાસ થઈ ન હોવાનું ટ્રાયલ કોર્ટના રિપોર્ટમાં જણાવાયું હતું. આથી ટ્રાયલ નજીકના સમયમાં પૂર્ણ થવાની શક્યતા ન હોવાનું હાઈકોર્ટે નોંધ્યું હતું.

જોકે, હાઈકોર્ટે કેસની તપાસ પૂર્ણ થઈ જવી, ચાર્જશીટ દાખલ થઈ જવી, આરોપી લાંબા સમયથી જેલમાં હોવો અને ટ્રાયલમાં હજુ સુધી એકપણ સાક્ષીની તપાસ ન થઈ હોવા સહિતના સંજોગોને ધ્યાનમાં લઈ જામીન અરજી મંજૂર કરી હતી.

હાઈકોર્ટે આરોપીને રૂા.૧૦ હજારના બોન્ડ તથા તેટલી જ રકમના એક જામીનદાર સાથે મુક્ત કરવાનો આદેશ કર્યો છે.

-વધુ પેજ નં.૭ પર


**-રાજપુત મોક્ષગમન સંયુક્ત પ્રાર્થનાસભા-**



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. પ્રભાતસિંહ ભગવાનસિંહ સોલંકી તા. 20/09/2026ને રવિવારના રોજ મોક્ષગમન પામેલ છે. પરમાત્મા એમનાં દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના.

પ્રાર્થના સભા :- તા. 28/09/2026ને સોમવાર ને બપોરે 3 થી 6 સુધી
સ્થળ :-ઓરિયન ઈમ્પિરિયા, બોરીગામ રોડ, નરોલી ચાર. રસ્તા, નરોલી

**સ્વ. પ્રભાતસિંહ ભગવાનસિંહ સોલંકી**
જન્મ તા.: 11/12/1947 | સ્વ.તા.: 20/09/2026

**આપની પ્રેમાળ સ્મૃતિમાં**

શ્રી રાજેશસિંહ પ્રભાતસિંહ સોલંકી (પુત્ર) — અ.સૌ. અર્પિતાબેન રાજેશસિંહ સોલંકી (પુત્રવધુ)
શ્રી હિતેન્દ્રસિંહ પ્રભાતસિંહ સોલંકી (પુત્ર) — અ.સૌ. ભૂમિકાબેન હિતેન્દ્રસિંહ સોલંકી (પુત્રવધુ)
શ્રી જીતેન્દ્રસિંહ રણજીતસિંહ સોલંકી (જમાઈ) — અ.સૌ. જાગૃતિબેન જીતેન્દ્રસિંહ સોલંકી (પુત્રી)
શ્રી પ્રદિપસિંહ હરિસિંહ સોલંકી (જમાઈ) — અ.સૌ. કંચનબેન પ્રદિપસિંહ સોલંકી (પુત્રી)

**સાસરા પક્ષ**

શ્રી રણજીતસિંહ દલપતસિંહ રાઠોડ (સાળા) — મંજુબેન રણજીતસિંહ રાઠોડ
શ્રી ભારતસિંહ દલપતસિંહ રાઠોડ (સાળા) — મંજુલાબેન ભારતસિંહ રાઠોડ
શ્રી સ્વ. હરિસિંહ દલપતસિંહ રાઠોડ (સાળા) — ગં.સ્વ. વનિતાબેન હરિસિંહ રાઠોડ
શ્રી સુરેન્દ્રસિંહ દલપતસિંહ રાઠોડ (સાળા) — અ.સૌ. ગીતાબેન સુરેન્દ્રસિંહ રાઠોડ
શ્રી ચન્દ્રસિંહ દલપતસિંહ રાઠોડ (સાળા) — નિતાબેન ચંદ્રસિંહ રાઠોડ


# પારડીમાં ૫૬ જેટલી શ્રીજીની પ્રતિમાનું પાર નદીમાં વિસર્જન

**ઢોલ નગારા અને ડીજેના તાલે ઝૂમ્યા બાદ અશ્રુભીની આંખે બાપાને વિદાયઃ ચંદ્રપુરના માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટની મોડી રાત સુધી સેવાકીય પ્રશંસનીય કામગીરી**



**પારડી નગર પાલિકાની રસ્તાઓ, લાઈટિંગ, વિસર્જન માટે ઓવારો, મંડપ જેવી સુવિધાઓ દ્વારા સુંદર કામગીરી**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૫**

પારડી પોલીસ દ્વારા નગરના દરેક પોઈન્ટ ઉપર પોલીસ પહેરો ગોઠવી પાર નદી સુધી ટ્રાફિક વ્યવસ્થા જાળવી કાયદો અને વ્યવસ્થા સંભાળીને સુંદર કામગીરી કરવામાં આવી.

છેલ્લા ૧૨ દિવસથી ગણેશ મહોત્સવ દરમિયાન પારડી નગરમાં વિવિધ ગણેશ મંડળ દ્વારા ગણેશજીની પૂજા અર્ચના કર્યા બાદ આજરોજ અનંત ચૌદસના દિને બાપાની વિસર્જનની ઘડી આવી પહોંચી હતી. અચાનક આવેલા વાતાવરણના પલટાને લઈ દિવસ દરમિયાન અતિશય ગરમી હોય ગણેશ મંડળોએ સાંજે ચારથી પાંચ વાગ્યા બાદ વિસર્જન કરવાની શરૂઆત કરી હતી. જેને લઈ ખૂબ મોડે સુધી વિસર્જન પ્રક્રિયા ચાલી હતી.

ઢોલ નગારા અને ડીજેના તાલે ખૂબ મોજ મસ્તીથી ઝૂમ્યા બાદ ૧૧ દિવસ સાથે રહેનારા બાપાના વિદાયથી અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ હતી અને અશ્રુભીની આંખે આવતા વર્ષે પાછા આવશો ના નાદ સાથે બાપાને વિદાય આપવામાં આવી હતી. વર્ષોની પરંપરા મુજબ ચંદ્રપુર સ્થિત શ્રી માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના યુવાનોએ મોડી રાત સુધી ખૂબ જ મહેનત કરી નગરના દરેક શ્રીજીના વિસર્જન કર્યું હતું.

આ ઉપરાંત પારડી નગરપાલિકા તરફથી પણ નગરના દરેક મંડળોના શ્રીજીનું વિસર્જન સહી સલામત રીતે થાય તે માટે પાર નદી કાંઠે ઓવારો, લાઈટિંગ, રસ્તાઓ નગરના લોકો માટે બેસવા માટે મંડપ, શ્રીજીની આરતી માટે ટેબલો જેવી અનેક સુવિધાઓ ગોઠવી પોતાની ફરજ નિભાવી હતી.

આ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તરફથી ખૂબ ગરમી હોય વિસર્જન જોવા આવતા નગરના દરેક લોકો માટે ફ્રીમાં લીંબુ શરબતની સગવડ કરવામાં આવી હતી. જ્યારે જીવદયા ગ્રુપ તરફથી સુંદર નાસ્તાની પણ ફ્રીમાં સગવડ કરવામાં આવી હતી. સાથે સાથે પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી વાય.બી.ગોહિલ દ્વારા આ ગણેશ વિસર્જનને લઈ ખુબ સુંદર કામગીરી કરી નગરના દરેક પોઈન્ટ ઉપર પોલીસ પહેરો ગોઠવી ટ્રાફિકની સમસ્યાની સાથે સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગેની તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. અને આ લખાય છે ત્યાં સુધી ખૂબ સુંદર રીતે શ્રીજીના વિસર્જનની કામગીરી ચાલી રહી છે.

# કાવ્યાનુભૂતિ

## તમે હળવે હળવે જાજો બાપ્પા

લ્યો, હજી તો ભાદરવા સુદ ચોથે તેડ્યા
ને જુઓ અનંત ચતુર્દશી આવી પણ ગઈ
દસ દિવસના વહાણા વાય ગયા બાપ્પા
તમે હળવે હળવે જાજો બાપ્પા.

આતિથ્ય સત્કાર કોણ જાણે કેવું કર્યું અમે
ને વળી મનગમતું તમને બધું ધર્યુ અમે
જેવું જેટલું કર્યું સ્વીકારજો બાપ્પા
તમે હળવે હળવે જાજો બાપ્પા.

તમારા થાળના રોજ ભોજન કીધાં અમે
તમારા નામે પ્રસાદ જાતજાતના લીધા અમે
તમે એક કોવિયાના ભાવને સ્વીકારજો બાપ્પા
તમે હળવે હળવે જાજો બાપ્પા.

અમારા ગમતાં ભજનો ગાયા અમે
ને વળી અમને ગમતી જ ધૂનો પણ બોલાવી અમે
એ આડો અવળો સૂરતાલ સ્વીકારજો બાપ્પા.
તમે હળવે હળવે જાજો બાપ્પા.

ઉજાગરા કરવા રાતભર પત્તાં રમ્યા અમે
પિચકારી મારી પાન ગુટખાની ત્યાં જ થૂંકયા અમે
બની શકે તમથી તો બસ માફ કરજો બાપ્પા.
તમે હળવે હળવે જાજો બાપ્પા.

લાવતાને લઈ જતાં ડી.જે.પર નાચ્યા અમે
મહા પ્રસાદને ગરબામાં જ બસ રાચ્યા અમે
તમે બાપા આંખ આડા કાન કરજો બાપ્પા.
તમે હળવે હળવે જાજો બાપ્પા.

તમે બુદ્ધિના દેવ ને બુદ્ધિના બાદાન અમે
તમે વિઘ્નહર્તાને વિઘ્નની ખાણ અમે
આમ, ગાંડપણને ના ગણકારજો બાપ્પા
તમે હળવે હળવે જાજો બાપ્પા.

આજે ભલે ચાલ્યાં આવતા વર્ષે પાછા આવજો
નવો ઉત્સાહ, ઉમંગ ફરીથી ભરી ભરી લાવજો
હર હૃદયમાં સાચી ભક્તિ પ્રગટાવજો બાપ્પા
તમે હળવે હળવે જાજો બાપ્પા.



પદ્માક્ષીબેન મનિષભાઈ પટેલ
(પ્રાંજલ)
વ્યવસાયઃ પ્રાથમિક શિક્ષક,
પારડી કન્યાશાળા નં-૧,
કિલ્લાઃ પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી.,
એમ.એ બી.એડ.

આ કાવ્યમાં કવિ ગણપતિ બાપ્પાની વિદાય સમયે પોતાના હૃદયની લાગણીઓ વ્યક્ત કરે છે. ભાદરવા સુદ ચોથના દિવસે ગણપતિ બાપ્પાને ખૂબ જ પ્રેમ અને ઉત્સાહથી ઘરે લાવવામાં આવ્યા, પરંતુ જોતજોતામાં દસ દિવસ પસાર થઈ ગયા અને અનંત ચતુર્દશીની વિદાયની ઘડી આવી ગઈ. બાપ્પા પ્રત્યેના અતિશય પ્રેમને કારણે કવિ કહે છે કે, 'તમે હળવે હળવે જાજો બાપ્પા. બાપ્પાના આગમનથી ઘરમાં આનંદ, ભક્તિ, પ્રસાદ, ભજન અને ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું. પોતાની ક્ષમતા મુજબ કરેલા આતિથ્ય-સત્કાર અને ધરાવેલા ભોગનો સ્વીકાર કરવા કવિ બાપ્પાને વિનંતી કરે છે.

કવિ ખૂબ જ નિખાલસતાથી પોતાની નાની-મોટી ભૂલો પણ બાપ્પા સમક્ષ સ્વીકારે છે. ભજન ગાતાં સૂર-તાલમાં થયેલી ભૂલો, રાતે પત્તાં રમવામાં કરેલા ઉજાગરા, પાન-ગૂટખાની ગંદકી, ડી.જે.પર નાચવાની મસ્તી વગેરે બાબતો માટે કવિ રમૂજી રીતે ક્ષમા માગે છે. 'તમે બુદ્ધિના દેવને બુદ્ધિના બાદાન અમે, તમે વિઘ્નહર્તાને વિઘ્નોની ખાણ અમે' જેવી પંક્તિઓમાં માનવીની મર્યાદાઓ અને ભગવાન પ્રત્યેની નિર્દોષ સ્વીકૃતિ વ્યક્ત થાય છે.

કવિ બાપ્પાને વિનંતી કરે છે કે, અમારી અજ્ઞાનતા, ગાંડપણ અને ભૂલોને મનમાં ન રાખશો અને આંખ આડા કાન કરીને માફ કરજો.

અંતમાં કવિની લાગણી ભક્તિ અને આશામાં પરિવર્તિત થાય છે. બાપ્પા ભલે આજે વિદાય લે, પરંતુ આવતા વર્ષે ફરી નવા ઉત્સાહ અને ઉમંગ સાથે પધારે તેવી પ્રાર્થના કરવામાં આવે છે. સૌથી સુંદર ભાવ એ છે કે, ગણપતિ બાપ્પા માત્ર ઉત્સવ પૂરતા ન રહે, પરંતુ દરેક હૃદયમાં સાચી ભક્તિ, સદબુદ્ધિ અને સારા વિચારો પ્રગટાવે. આમ, આ કાવ્યમાં વિદાયની લાગણી, નિર્દોષ હાસ્ય, પોતાની ભૂલોની સ્વીકૃતિ, ક્ષમાયાચના અને સાચી ભક્તિની પ્રાર્થના—આ બધાનો સુંદર સમન્વય જોવા મળે છે.